
## મે-દિન વિશેષ

## પહેલી મે ગુજરાત સ્થાપના દિન




તા.૧/૫/૧૯૬૦માં ભારત સરકારે બોમ્બે પુનગઠન અધિનિયમ અંતર્ગત મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યનું વિભાજન થયું.અને રવિશંકર મહારાજના હસ્તે ગુજરાત રાજ્યની સ્થાપના થઈ.

- ગુજરાત સ્થાપના દિનને ગુજરાતીઓ ગુજરાત ગૌરવ દિનની ઉજવણી કરે છે.
- ગુજરાતની ભાષાવાર અલગ રાજ્ય તરીકેની મહાગુજરાત આંદોલન ચળવળમાં અનેક લોકોએ ત્યાગ અને બલિદાન આપ્યા હતા.
- મહાગુજરાત આંદોલનનો પાયો 8 ઓગસ્ટ 1956ના રોજ નખાયો અને એ દિવસે મહાગુજરાત વિદ્યાર્થી સમિતિની સ્થાપન હરિ હર ખંભોળજાએ કરી હતી. વિદ્યાર્થી સમિતિ લોકલડતની ધુરા ઇન્દુચાચાને સોંપી હતી.
- મહાગુજરાત જાણતા પરિષદની રચના 1956માં ઇન્દુલાલ યાજ્ઞિક દ્વારા કરાઇ હતી.
- ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા હતા.
- ગુજરાત રાજ્યના પ્રથમ રાજ્યપાલ મહેંદી નવાઝ જંગ હતા.
- ગુજરાતની સ્થાપના સમયે પાટનગર અમદાવાદ હતું.
- ગુજરાતમાં 1960માં વિધાનસભાની કુલ 132 સીટો હતી.
- ગુજરાત વિધાનસભનું પ્રથમ સત્ર સિવિલ હોસ્પિટલ, અમદાવાદ મળ્યું હતું.

## પહેલી મે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ




પહેલી મે ૧૮૮૬ના રોજ અમેરીકામાં મજૂર સંગઠનોએ હડતાળ પર જવાનો નિર્ણય લઈ શ્રમિકો માટે દરરોજ આઠ કલાકથી વધુ કામ નહીં કરાવવાની માંગ કરી. હડતાળ શરૂ થયાના બરાબર ત્રણ દિવસ બાદ શિકાગોના હેમાર્કેટ સ્ક્વેરમાં વિસ્ફોટ થયો જેમાં કેટલાય લોકો મરાયા આથી, વિસ્ફોટમાં મૃત્યુ પામનાર લોકોના સંમાનમાં આંતરરાષ્ટ્રીય સમાજવાદી સંમેલને પહેલી મે શ્રમિકો માટેનો દિવસ ઘોષિત કરવામાં આવ્યો.

- પહેલી મે ૧૯૨૬ના રોજ હિંદુસ્તાનની લેબર કિશન પાર્ટી દ્વારા દર વર્ષે પહેલી મે ના રોજ ઉજવણી કરવામાં આવે છે.
- મજૂર વર્ગની સિદ્ધિઓનો ઉત્સવ મનાવવા માટે દર વર્ષ પહેલી મેના રોજ આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ ઉજવાય છે.
- ભારતમાં સૌપ્રથમ મજૂર પક્ષની સ્થાપના ૧૯૩૬માં ડૉ. બાબાસાહેબ આંબેડકરે કરી હતી. મદ્રાસમાં સર્વપ્રથમ શ્રમિક દિવસ ઉજવાયો હતો.
- ૨૭ નવેમ્બર ૧૯૪૨ના રોજ ડૉ. આંબેડકરના પ્રયત્નોથી જ કામના ૧૪ કલાક માંથી ૮ કલાક કરવામાં આવ્યો હતો.


## જગદીશ ભટ્ટ

ગુજરાતી બાળ સાહિત્યકાર જગદીશભાઈ ભટ્ટનો જન્મ તા.૨/૫/૧૯૩૭ ના રોજ મહેસાણા જિલ્લાના સાંથલ ગામમાં થયો હતો. પિતાનુંનામ ધનેશ્વર ભટ્ટ હતું. પ્રાથમિક શિક્ષણ સ્થાનિકમાં લઇ તેઓ અમદાવાદ સ્થાયી થયા. તેમણે બી.એસ.સી. તથા

હિન્દી વિનીત સુધીનો અભ્યાસ કર્યો હતો. તેમણે ગુજરાત રાજ્યના ઉદ્યોગ ખાતામાં અધિકારી તરીકે સેવા આપી હતી. તેઓ મુખ્યત્વે કવિ છે. ઈ.સ. ૧૯૯૧માં તેમણે ‘ લીલીછમ વેદના’ કાવ્યસંગ્રહ પ્રગટ કરેલો. ત્યારપછી તેઓ બાલસાહિત્ય ક્ષેત્રે પોતાની કલમ ચલાવી. તેમણે ઈ.સ.૨૦૦૧ થી આજ દિન સુધી અગિયાર જેટલા બાળ કાવ્યસંગ્રહો આપ્યા છે. કવિ બાળકોને જીવનબાગના ફૂલડાં ગણે છે. તેમના મોટાભાગના બાળકાવ્ય સંગ્રહોના શીર્ષકોમાં ફૂલડાં શબ્દ કોઈને કોઈ રીતે સંકળાયેલ હોય છે. જેમ કે ‘ ફૂલડાં લ્યો, ‘ ફોરમ લ્યો’, ફૂલવાડી , ફૂલડાં વ્હાલા લાગે અને ફૂલડાં મહેંકે વગેરે. તેમના બાળકાવ્યો માં લય પ્રાસની જાળવણી તેમ જ ભાવાનુકૂળ પ્રાસાદિક શબ્દરચના હોવાથી બાળકોને એ ગાવા ગમે છે. ચિત્રાત્મકતા અને ભાવપ્રધાનતા તેમના કાવ્યોને બાળપ્રિય બનાવે છે.

તેમને ગુજરાત સાહિત્ય અકાદમી , બાળસાહિત્ય અકાદમી તથા અન્ય સંસ્થાઓ તરફથી પુરસ્કાર એનાયત થયેલ છે.

## પ્રજારામ રાવળ



ગુજરાતી કવિ અને અનુવાદક રાવળ પ્રજારામ નરોત્તમ નો જન્મ તા. ૩/૫/૧૯૧૭ના રોજ તેમના વતન સુરેન્દ્રનગરજિલ્લાના વઢવાણમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વતનમાં જ લીધું. ઈ.સ.૧૯૪૧માં પાટણનીઆયુર્વેદિક કૉલેજમાંથી સ્નાતક થયા.ઈ.સ.૧૯૫૪ થી ૧૯૭૨ સુધી ભાવનગરની કૉલેજમાં અધ્યાપક અને ત્યારપછી ઈ.સ.૧૯૭૫ સુધી આચાર્ય તરીકે સેવા આપી હતી. તેમણે‘મહાયુદ્ધ’ નામની ત્રણ કાવ્યોનેસમાવતી પુસ્તિકામાં ‘આગામી મહાયુદ્ધ’ કાવ્ય એમણે રચેલું છે. એમનો સ્વતંત્ર કાવ્યસંગ્રહ ‘પદ્મા’ ઠીકઠીક સમય પછી પ્રગટ થયો એ બાબત સૂચક છે.તેમાં કુલ૧૨૧ રચનાઓમાં કેટલાંક ગીતો છે, તો કેટલાંક છંદોબદ્ધ ઊર્મિકાવ્યો અને લઘુકાવ્યો છે. એમના બીજા બે કાવ્યસંગ્રહો ‘નાન્દી’ અને ‘નૈવેદ્ય’ દર્શાવે છે કેઅરવિંદદર્શનથી પ્રભાવિત કવિ જીવનમાં પ્રેમ અને સંવાદના ઉપાસક છે; અને તેથી એમનીમોટા ભાગની કવિતા પ્રકૃતિ અને અધ્યાત્મ-અનુભવ વિશેની છે. વિવિધ ઋતુઓ અને પ્રકૃતિનાંવિવિધ દ્રશ્યોને વિષય બનાવી એમણે ઘણાં પ્રકૃતિકાવ્યો રચ્યાં છે; તો ઘણાં કાવ્યોમાંશ્રી અરવિંદનો મહિમા તથા શ્રી માતાજીની કૃપાથી અનુભવાતી ધન્યતાની લાગણી વ્યક્ત કરીછે. ગીત, સૉનેટ અને છંદોબદ્ધ રચનાઓ કવિએ કરી છે, પરંતુ એમની વિશેષ સિદ્ધિ ગીતમાંછે. ‘ઝાલાવાડી ધરતી’ વતનપ્રેમનો રણકો લઈને આવતું એમનું ધ્યાનપાત્ર પ્રકૃતિગીત છે.

## ડૉ. આર.ડી.દેસાઇ

ગુજરાતના મહાન વૈજ્ઞાનિક ડૉ.આર.ડી.દેસાઈ નો જન્મ તા.૪/૫/૧૮૯૭ના રોજ પારડી તાલુકાના ઉમરસાડી ગામમાં થયો હતો. પિતાનું નામ દાજીભાઇ દેસાઈ અને માતાનું નામ ડાહીબેન હતું. ઈ.સ.

૧૯૧૬માં વલસાડની બાઈ આવાબાઇ હાઈસ્કૂલમાં મેટ્રીકની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. તેમણે રસાયણ વિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્ર સાથે બી.એસ.સી. પ્રથમ વર્ગમાં પાસ કરી હતી. ઈ.સ.૧૯૨૧ થી ૨૪ દરમ્યાન બેંગ્લોર ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં અભ્યાસ કર્યો. ઈ.સ.૧૯૨૬માં એમ.એસ.સી સંશોધનની ઉપાધી મેળવી. તેઓ ઈ.સ.૧૯૨૪ થી ૧૯૨૬ દરમ્યાન વિલ્સન કોલેજમાં સહાયક પ્રાધ્યાપક તરીકે જોડાયા. તેમણે કાર્બન તત્વના પરમાણુના સંયુક્ત બંધારણ પર સઘન અભ્યાસ કર્યો હતો. સાડા ત્રણ વર્ષ બાદ તેમણે ડોક્ટર ઓફ સાયન્સ ની ઉપાધી મેળવી. ઈ.સ.૧૯૩૧ થી ૩૮ સુધી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં કાર્બનિક રસાયણશાસ્ત્રના રીડર તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૫૦ થી ૫૮ સુધી અમદાવાદમાં આવેલી એલ.ડી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં આચાર્ય તરીકે સેવાઓ આપી હતી.ત્યારપછી તેઓ એમ.જી. સાયન્સ કોલેજમાં પણ આચાર્ય તરીકે સેવા આપી હતી. તેમણે ૧૫૦ થી પણ વધુ સંશોધનપત્રો રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસિદ્ધ કર્યા હતા.

રસાયણશાસ્ત્ર ઉપરાંત તેઓ સાંસ્કૃત સાથે પણ સંકળાયેલા હતા. ઈ.સ.૧૯૫૨ માં ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ રસાયણ વિભાગના અધ્યક્ષ હતા. આ ઉપરાંત ઇન્ડિયન કેમિકલ સોસાયટીના પ્રમુખ તરીકે પણ રહેલા હતા. ડૉ. આર.ડી.દેસાઈ ગુજરાતના તો ખરા જ પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં તેમણે યશસ્વી કીર્તિ પ્રાપ્ત કરી હતી. આવા મહાન ગુજરાતી વિજ્ઞાની તા. ૧૫ નવેમ્બર૧૯૯૧ના રોજ વલસાડ ખાતે અવસાન થયું.

## જસવંત ઠાકર


1915-1990


ગુજરાતના સુપ્રસિદ્ધ અભિનેતા, દિગ્દર્શક, નાટ્યકાર અને નાટ્યવિદ જસવંત ઠાકરનો જન્મ તા.૫/૫/૧૯૧૫ના રોજ ખેડા જિલ્લાના મહેળાવ ગામમાં થયો હતો. પિતાનું નામ દયાશંકર હતું. નાનપણથી જ નાટ્યપ્રવૃતિમાં રસ અને રાષ્ટ્રપ્રેમના બીજ પણ બાળપણથી વવાયેલા હતા. વ્યાયામ પ્રવૃતિમાં પણ ખૂબ જ શોખ હતો. બાળપણથી સ્વાતંત્ર્યચળવળમાં જોડાયા હતા. અને ' અભેદમંડની સ્થાપના કરી હતી. ઈ.સ.૧૯૩૦માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતા. બી.જે મેડીકલ સ્કૂલમાં અમદાવાદમાં પ્રવેશ મેળવેલો પરંતુ દેશભક્તિને કારણે રાષ્ટ્રીય લડતમાં સક્રિય થયા હતા. ઈ.સ. ૧૯૩૩માં ' સિતમની ચક્કીમાં' નામની નવલકથા લખી. જે જપ્ત થઇ અને સરકાર તરફથી હદ્દપારીનો હુકમ મળ્યો. પણ તેમણે ગણકાર્યો નહિ. ભૂર્ગભવાસમાં રહીને રાષ્ટ્રીય લડત ચાલુ રાખી. એમને ગુજરાતનાં અનેક સ્થળોએ સત્યાગ્રહની લડતમાં ભાગ લીધો અને જેલવાસ ભોગવેલો. ઈ.સ. ૧૯૩૪ થી ૧૯૩૬ દરમિયાન શ્રી અરવિંદ આશ્રમમાં નિવાસ કર્યો અને શ્રી અરવિંદના સીધા સંપર્કમાં આવ્યા.ઈ.સ.૧૯૩૯માં બી.એ. પાસ કર્યા પછી પણ સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય ભાગ લીધો. ઈ.સ. ૧૯૪૪માં પ્રખ્યાત નૃત્યકાર ઉદયશંકર

gnanbhandar.com

સાથે કોલકત્તામાં ત્રણ માસ ગાળ્યા. ત્યારપછી નાટક- રંગભૂમિ એ જ તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર બની રહ્યું. તેમનું ગુજરાતી રંગભૂમિ અને નાટ્યવિદ્યાના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. ઈ.સ.૧૯૫૫ થી ૧૯૬૦ દરમિયાન તેઓ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના નાટ્યવિભાગના અધ્યક્ષ હતા. ઈ.સ.૧૯૭૦ પછી ગુજરાત કોલેજમાં નાટ્યવિભાગના અધ્યાપક અને વડા તરીકે સેવાઓ આપી.

તેઓ સંનિષ્ઠ નાટ્યલેખક ઉપરાંત સારા દિગ્દર્શક અને અભિનેતા પણ હતા. તેમણે ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી જેવી અનેક ભાષાઓના મળીને લગભગ ૧૨૫ થી પણ વધારે નાટકોનું દિગ્દર્શન કરેલું. ' રાઈનો પર્વત', ' રાયગઢ જ્યારે જાગે છે', 'પરિત્રાણ', 'ઓથેલો', 'નટસમ્રાટ' જેવા નાત્કોમાંનો તેમનો અભિનય યાદગાર રહેલો. ' આગગાડી', ' અલ્લાબેલી', 'મૃચ્છકટીકમ', 'હંસી' , 'ઢીંગલીઘર', ' મોચીની વહુ', ' વેનીસનો વેપારી' અને ' મેક્બથ' જેવા નાટકોનું તેમનું દિગ્દર્શન પણ ચિરસ્મરણીય રહ્યું છે. તેમણે અનેક નાટકોના અનુવાદો અને રૂપાંતરો પણ કર્યા છે. ઈ.સ. ૧૯૭૭માં રણજીતરામ સુવર્ણચંદ્રક તથા ઈ.સ. ૧૯૬૮માં ' શર્વિલક' નાટકમાં તેમના અભિનય માટે સંગીત નાટક અકાદમી દિલ્લીનો એવોર્ડ પણ એનાયત થયેલ છે. આ ઉપરાંત ઈ.સ. ૧૯૮૬માં સોવિયેત લેન્ડ નહેરૂ એવોર્ડ અને ઈ.સ. ૧૯૮૯માંગુજરાત રાજ્યના પ્રથમ ઓમકારનાથ એવોર્ડનું સન્માન તેમણે મળેલું છે. તેમણે આકાશવાણી અને દૂરદર્શન પરથી પણ ૧૦૦ થી વધારે નાટકો રજૂ કર્યા છે. તેઓ ' નાટક' નામના


## પન્નાલાલ પટેલ



માત્ર ચાર ચોપડી ભણેલાને ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ સર્જન માટેનો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર પન્નાલાલ પટેલનો જન્મ તા. ૭/૫/૧૯૧૨ના રોજ રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના માંડલી ગામમાં થયો હતો. પિતાનું નામ નાનાલાલ અને માતાનું નામ હીરાબા હતું. અભ્યાસઈડરમાં અંગ્રેજી ચાર ધોરણ સુધી કર્યો. ઈ.સ. ૧૯૩૬માં બાળપણમાં બાલ ગોઠીયા તરીકે ઉમાશંકરનો પરિચય થયો. તેમની અને સુંદરમની પ્રેરણાથી લખવાની શરૂઆત કરી. કૌટુંબિક પરિસ્થિતિને લીધે અભ્યાસ છોડી એકાદ વર્ષડુંગરપુરને સાગવાડામાં દારૂના ભઠ્ઠા પર નોકરી કરી. ત્યારપછી અમદાવાદ આવી થોડો વખત એકસદગૃહસ્થને ઘરે નોકરી કરી. એ સદગૃહસ્થની મદદથી અમદાવાદ ઈલેક્ટ્રિક કંપનીમાં ઑઈલમેન અનેપછી મીટર - રીડીંગ કરનારની નોકરી સ્વીકારી. ચારપાંચ વર્ષ મુંબઈની એન.આર. આચાર્યની ફિલ્મ કંપનીમાંપટકથાલેખક તરીકે કામગીરી કરી. ત્યારપછી વતન માંડલીમાં જઈ ખેતીનો વ્યવસાય અને સાથેસાથે લેખનપ્રવૃત્તિ પણ ચાલુ રાખી.ઈ.સ. ૧૯૪૭માં ક્ષયની બીમારી અને પછી અરવિંદના યોગમાર્ગ પ્રત્યે આકર્ષણ થયું. સાહિત્યસર્જનની શરૂઆત કવિતાથી કરી પણ તેમાં તેમણે ઝાઝી સફળતા મળી નહી. આથી તેમણે નવલિકા પર હાથ અજમાવ્યો. લેખન સર્જનનો પ્રારંભ કર્યો ૧૯૩૬માં 'શેઠની શારદા' ટૂંકીવાર્તાથી થયો હતો. એમની પહેલીલઘુનવલ 'વળામણાં' (૧૯૪૦)થી

આકર્ષાઈ ઝવેરચંદ મેઘાણીએ એમને 'ફૂલછાબ' માં ગ્રામજીવનનીએક નવલકથા લખવા આમંત્રણ આપ્યું ને એ નિમિત્તે એમની અત્યંત લોકપ્રિય બનેલી પ્રણયકથાછે. સુખદુ:ખનાં સાથી (૧૯૪૦) : પન્નાલાલપટેલનો પ્રથમ વાર્તાસંગ્રહછે. ગુજરાતી સાહિત્યની ઉત્તમ નવલકથા માનવીની ભવાઈ (૧૯૪૭) લખી પન્નાલાલની આ નવલકથામાં દુષ્કાળના સમયનું ગ્રામજીવનનું જીવંત આલેખન કર્યું છે. તેમની બોલી, પહેરવેશ, રીવાજો, ખાનપાન, ઉત્સવો, વટ, ઈર્ષા, ભલાઈ અને વેરવૃત્તિ વગેરે લેખકે અસલ સ્વભાવમાં રજૂ કરેલ છે. આ નવલકથા માત્ર પ્રણયકથા ન રહેતાં ગુજરાતના અનેભારતના ખેડૂજીવનની કથા બની રહે છે. લેખકની આ કૃતિને ઈ.સ. ૧૯૮૫માં જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયેલ છે. આ નવલકથા પરથી ગુજરાતી ફિલ્મનું પણ નિર્માણ થયું છે. 'માનવીની ભવાઈ'ના અનુસંધાનમાં આગળ વધતીનવલકથામાં 'ભાંગ્યાના ભેરુ' દુષ્કાળમાંથી પાછા બેઠા થતા ગ્રામજીવનની, કાળુનાલોકનાયકરૂપે ઊપસતા વ્યક્તિત્વની અને તેના રાજુ સાથેના પ્રણયસંબંધને લગ્ન સુધીપહોંચાડતી કથા છે. 'ઘમ્મર વલોણું'- ભા.૧-૨ 'ભાંગ્યાના ભેરુ'ના અનુસંધાનમાંઆગળ વધતી કાળુ-રાજુના પુત્ર પ્રાપ્ત અને અલ્લડ યુવતી ચંપા વચ્ચેના પ્રણયને આલેખતીકથા છે.'ના છુટકે' માં પ્રણયકથાની સાથે રાજ્યના જુલમ સામે ગાંધીવાદીસત્યાગ્રહની કથા છે.'ફકીરો' ગ્રામપરિવેશની પૃષ્ઠભૂમાં રચાયેલી પ્રણય કથાછે.'મનખાવતાર' માં ઈર્ષ્યાથી પ્રેરાયેલી સ્ત્રી પોતાની સાવકી પુત્રીના સુખીલગ્નજીવનને કેવું વેરણછેરણ કરી નાખે છે તેની કથા છે.આ ઉપરાંત 'કરોળિયાનું જાળું', 'મીણમાટીનાં માનવી' ,'કંકુ', 'ભીરુ સાથી' ,'યૌવન'-ભા.૧-૨,'નવું લોહી' , 'પડઘા અને પડછાયા' ,'અમે બેબહેનો'- ભા.૧-૨ ,'આંધી અષાઢની' ,'પ્રણયનાં જૂજવાં પોત', 'અલ્લડછોકરી', 'એક અનોખી પ્રીત', 'નથી પરણ્યાં નથી કુંવારાં', 'રૉમટિરિયલ' વગેરે ,લોકપ્રિય નવલકથાઓ આપી છે. ઈ.સ.૧૯૫૮ થીઅમદાવાદમાં સ્થાયી વસવાટ અને લેખનનો મુખ્ય વ્યવસાય હતો. ઈ.સ.૧૯૫૦માં રણજિતરામ સુવર્ણચંદ્રક.ઈ.સ. ૧૯૭૯માં વડોદરામાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના સર્જન વિભાગના પ્રમુખ. ઈ.સ.૧૯૮૫ નાવર્ષના ભારતીય જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. તેમનું તા. ૬/૪/૧૯૮૯ના રોજ અમદાવાદમાં બ્રેઈન હેમરેજથી અવસાન થયું.

## રવિન્દ્રનાથ ટાગોર



પ્રસિદ્ધ ચિત્રકાર , કવિ, સંગીત રચયિતા, નાટ્યકાર, નિબંધકાર અને તત્વજ્ઞાની ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ 7 મે 1861ના રોજ કોલકાતામાં થયો હતો.

- ' ગીતાંજલી" ઘરે બાહિરે' કાવ્યસંગ્રહ સહિત આઠ નવલકથા લખી.
- વર્ષ 1883 મૃણાલિનીદેવી સાથે લગ્ન કર્યા.
- વર્ષ 1913માં (ગીતાંજલિ કૃતિ)ને સાહિત્ય ક્ષેત્રનું નોબલ પરિતોષિક મેળવનાર સૌપ્રથમ એશિયન હતા.
- વર્ષ 1915માં બ્રિટન સરકારે ' નાઈટ' ખિતાબથી સન્માનિત કર્યા પરંતુ વર્ષ 1919માં જલિયાવાલા બાગ હત્યાકાંડ મામલે ખિતાબ પરત કર્યો.
- વર્ષ 1921માં ટાગોર અને કૃષિ વૈજ્ઞાનિક લિયોનાર્ડ નાઈટ એલમૂસ્ટએ ગરમી પુનનિર્માણ માટે શાંતિ નિકેતન સંસ્થાની સ્થાપના કરી.

- ભારતનું રાષ્ટ્રગાન જાણ ગણ મન.. તેમણે લખ્યું હતું.
- 7 ઓગસ્ટ 1941ના રોજ કોલકાતા ખાતે તેમનું અવસાન થયું.

## ૮ મે વિશ્વ રેડક્રોસ દિવસ




રેડક્રોસ સંસ્થાના સ્થાપક જિન હેનરી ડયુનાન્ટના જન્મ દિવસ વિશ્વ રેડક્રોસ દિવસ તરીકે ઉજવાય છે. તેમનો જન્મ 8 મે 1828ના રોજ સ્વિઝરલેન્ડના જીનીવામાં થયો હતો.

- 1859માં વેપાર અર્થે તેઓ અલ્જિરિયા જય રહ્યા હતા ત્યારે ઈટાલીના સોલફરીનોમા પ્રદેશમાં પહોંચ્યા ત્યાં ઓસ્ટ્રેલિયા અને ફ્રાંસ વચ્ચેના યુધ્ધમાં 40,000થી વધુ ઘવાયેલા અને લોહીની નદીમાં તડફડતા સૈનિકોને જોઈ દ્રવી ઉઠ્યા. તેઓ ત્યાં જ રોકાઈ ગયા અને સૈનિકો જરૂરી સહાય અને સારવાર આપી.
- વર્ષ 1863માં યુદ્ધમાં ઘાલ સૈનિકોની સારવાર માટે રેડક્રોસ સંસ્થાની સ્થાપના કરી.
- માનવતા, વિશ્વ બંધુત્વ અને નિ:સ્વાર્થ સેવાના ઉમદા હેતુઓ સાથે સ્થપાયેલ આ સંસ્થાના મૂળમાં જિન હેનરી ડયુનાન્ટનું વિચારબીજ સમાયેલું છે.
- દર વર્ષે આ દિન નિમિત્તે કોઈપણ એક સમસ્યા પર લક્ષ્ય આપી આખું વર્ષ તે વિષયને અનુલક્ષી પ્રવૃતિ કરવામાં આવે છે.
- જિન હેનરી ડયુનાન્ટના માનવતાવાદી કરી માટે સૌપ્રથમ 1901માં શાંતિ માટેનું નોબલ પારિતોષિક એનાયત થયું.
- ભારતમાં 1920માં સોશિયલ પાર્લામેન્ટ એક્ટ દ્વારા દિલ્હીમાં રેડક્રોસ સંસ્થાની સ્થાપના થઈ.
- ગુજરાતમાં ઇ.સ. 1960માં રેડક્રોસની શાખા ખોલવામાં આવી.

## ગોપાલકૃષ્ણ ગોખલે



“ મારૂ જીવનચરિત્ર લખવામાં વખત ન ગુમાવશો. તમે જો સાચા ભારત સેવક હો તો ભારતની સેવામાં તમારૂ જીવન રેડજો”

ભારતીય સ્વતંત્રતા ચળવળના ઉદારવાદી રાજનેતા ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મ 9 મે 1866ના રોજ મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના કોટલુકમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ કૃષ્ણારાવ ગોખલે અને માતાનું નામ સત્યભામા હતું. ગોપાલકૃષ્ણ ગોખલે ખૂબ જ ગરીબ છતાં અત્યંત તેજસ્વી હતા. બાળપણમાં માતાપિતાનું અવસાન થતાં તે પોતાના ભાઈ-ભાભી સાથે રહીને અભ્યાસ કર્યો. તેઓ મહાત્મા ગાંધીના રાજનીતિક ગુરૂ હતા. જેમણે ગાંધીજીને દેશ માટે લડવાની પ્રેરણા આપી. તેમની મહેચ્છા તો આઈ.સી.એસ. થવાની હતી, પરંતુ સંજોગોવસાત શિક્ષક બની દેશભક્ત તરીકે પ્રસિદ્ધ થયા.

ગોપાલકૃષ્ણ ગોખલે રાનડેએ સ્થાપેલી ‘ સાર્વજનિક સભા’ના મુખપત્રના તેઓ મંત્રી હતા. તેમણે 1905માં ભારત સેવક સમાજ’ની સ્થાપના કરી જેના નેજા હેઠળ તૈયાર થયેલ અનેક ઉત્સાહી યુવકોએ સ્વતંત્રતાની લડતમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં અગ્રેસર રહેનાર ગોપાલકૃષ્ણ ગોખલે મહાન સ્વતંત્રતા સેનાની તેમજ સામાજિક અને રાજનૈતિક નેતા હતા. તેમણે ભારતીય સિકષનના વધારા માટે ‘ સર્વટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી’ની સ્થાપના કરી. તેમના માટે સ્વતંત્ર અને આત્મનિર્ભર બનવા માટે

શિક્ષણ અને જવાબદારીઓનું જ્ઞાન હોવું જરૂરી છે. ગોપાલકૃષ્ણ ગોખલેનું 19 ફેબ્રુઆરી 1915માં અવસાન થયું.

## શ્રી ગટુભાઈ ધ્રુવ

ગુજરાતના સુપ્રસિદ્ધ કેળવણીકાર , સાહિત્યકાર અને પ્રખર સમાજસુધારક શ્રી ગટુભાઈ ધ્રુવનો જન્મ તા. ૧૦/૫/૧૮૮૫ના રોજ અમદાવાદમાં વડનગરા નાગર બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ ગોપીલાલ અને માતાનું નામ બાળાબેન હતું. તરો શ્રી નરસિંહરાવ ભોળાનાથના ભાણેજ થતા હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ ઉમરેઠ અને ત્યારપછીનું શિક્ષણ અમદાવાદ અને મુબઈમાં લીધું હતું. ઈ.સ. ૧૮૯૮માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. અને ઉચ્ચ અભ્યાસ અર્થે ગુજરાત કોલેજમાં જોડાયા હતા. ઈ.સ. ૧૯૦૪માં મુંબઈની વિલ્સન કોલેજમાં તર્કશાસ્ત્ર અને મોરલ ફિલોસોફી વિષયો સાથે બી.એ.પાસ કર્યું હતું. તેમના લગ્ન અમદાવાદના શ્રી રણછોડલાલ આનંદરાય દિવેટિયાની પુત્રી શ્રીદેવી સાથે થયા હતા. ધર્મ, તત્વજ્ઞાન અને સમાજશાસ્ત્ર તેમના પ્રિય વિષયો હતા. તેમના જીવન પર નારાયણ હેમચંદ્રના પુસ્તકોએ તથા ટાગોરની ' સાધના' અને બાઈબલ ધર્મ પુસ્તકે અસર કરી હતી. શ્રી ગટુભાઈ ધ્રુવનું સમાજસુધારણાઅને શિક્ષણના ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન રહ્યું હતું. અમદાવાદની અનેક સામાજિક અને સાહિત્યિક સંસ્થાઓમાં વર્ષો સુધી સેવાઓ આપી હતી. તેમેણ વિધવાઓ પ્રત્યે સહાનુભૂતિ હતી. તેમણે પગભર બનાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. કેળવણીમાં ઊંડો રસ હતો. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના મંત્રી તરીકે વર્ષો સુધી સેવા આપી હતી. ગુજરાતના લોકજીવન, રીતભાત, સંસ્કારિતા અને ઐતિહાસિક સ્થળોનો સારો એવો અભ્યાસ કરવાની તક મળી હતી. તેમણે ' રાજારામમોહનરાય', ' ઇસુખ્રિસ્તનું જીવન', 'પ્રજ્ઞાપારમિતા સૂત્ર' , ' હિંદુ સ્ત્રીઓની ઉન્નતિમાં ગાળેલા મારા વીસ વર્ષ', ' બ્રાહ્મણ ધર્મ' વગેરે પુસ્તકો તેમના નોંધપાત્ર છે. ગુજરાતના સુશિક્ષિત, સંસ્કારી અને સારસ્વત ગટુભાઈ ધ્રુવનું તા. ૨૪/૫/૧૯૬૮ના રોજ અવસાન થયું હતું.

## મૃણાલિની સારાભાઈ



ગુજરાતની પ્રખ્યાત શાસ્ત્રીય નૃત્યાંગના અને કળા મર્મજ્ઞ મૃણાલિની સારાભાઈનો જન્મ તા.૧૧/૫/૧૯૧૮ના રોજ એક મલયાલમ પરિવારમાં થયો હતો. પિતાનુંનામ ડૉ. સુબ્રમણ્યમ સ્વામી અને માતાનું નામ અમ્મુ સ્વામીનાથન હતું. તેમના પિતા એક સામાજિક કાર્યકર અને પ્રખ્યાત ધારાશાસ્ત્રી હતા. જ્યારે તેમના માતા સામાજિક કાર્યકર, સ્વાતંત્ર્ય સેનાની અને ભૂતપૂર્વ સંસદ હતા. તેમનું બાળપણ અને યુવાનીનો સમયગાળો સ્વિઝરલેન્ડમાં વિત્યું. જ્યાં તેને નૃત્યકલાની પાશ્ચાત્ય શૈલીનો પરિચય થયો હતો. શાંતિનિકેતનમાં નૃત્યકલાને જ પોતાનું મુખ્ય લક્ષ્ય બનાવ્યું. ત્યારપછી તેમણે નૃત્યના વિશેષ અભ્યાસ માટે અમેરિકાની નૃત્યકલા અકાદમીમાં પ્રવેશ લીધો. ભારત પાછા ફર્યા બાદ તેમણે ભરતનાટ્યમ ગુરૂ મીનાક્ષી સુન્દરમ પાસે ભરતનાટ્યમની અને ટી.કે કુરૂપ પાસે કથકલીની તાલીમ લીધી. ઈ.સ. ૧૯૪૨માં ગુજરાતના પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રી અને ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા એવા વિક્રમ સારાભાઇ સાથે તેમના લગ્ન

થયા. તેમની પુત્રી મલ્લિકા સારાભાઇ પણ પ્રસિદ્ધ નૃત્યાંગના, અભિનેત્રી અને સામાજિક કાર્યકર છે.

ઈ.સ.૧૯૪૯માં અમદાવાદમાં આવેલી ' દર્પણ' કલાસંસ્થા વિક્રમ સારાભાઇ અને મૃણાલિની સારાભાઈના માર્ગદર્શક હેઠળ થઇ હતી. આ સંસ્થામાં ભરતનાટ્યમ , કથકલી, મોહિનીઅટ્ટમ,અને કૂચીપુડી જેવા શાસ્ત્રીય નૃત્યોનું શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થા પોતાના કલાકારો દ્વારા જ શાસ્ત્રી નૃત્યો, લોકનૃત્યો, નાટક તથા પપેટ્રીને લગતા વિવિધ કાર્યક્રમો રજૂ કરે છે. મૃણાલીની સારાભાઈને અનેકવિધ એવોર્ડ્સથી સન્માનિત કરવામાં અઆવ્યા છે. જેમાં ઈ.સ.૧૯૬૫માં પદ્મશ્રી, ઈ.સ. ૧૯૯૧માં પંડિત ઓમકારનાથ ઠાકુર એવોર્ડ, ઈ.સ.૧૯૯૨માં પદ્મવિભૂષણ અને યુ.કે દ્વારા ડી.લીટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. મેકિસકન સરકાર દ્વારા પણ તેમને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે. આજીવન ક્લાસાધક એવા મૃણાલીની સારાભાઇનું ૨૦ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ અમદાવાદમાં અવસાન થયું.

## ૧૨મે આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસ




'ધ લેડી વિથ ધ લેમ્પ' તરીકે ઓળખાતા ફ્લોરેન્સ નાઇટિંગલના જન્મદિન WHO સંસ્થા દ્વારા દર વર્ષે ૧૨ મે આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસ ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્લોરેન્સ નાઇટિંગલનો જન્મ ૧૨ મે ૧૮૨૦ના રોજ થયો હતો.
- તેઓ આધુનિક નર્સિંગના સ્થાપક અને બ્રિટિશ સમાજસુધારક હતા.
- ઇ.સ. ૧૮૫૪માં ક્રીમિયા (રશિયા)ની લડાઈ થઈ ત્યારે ફ્લોરેન્સ નાઇટિંગલ કેટલીક નર્સોને લઈને ત્યાં સારવાર અને આરોગ્યપદ ભોજન આપ્યું.
- સમગ્ર બ્રિટનનાં નાગરિકોએ અને સૈનિકોએ તેમના કામની કદર કરી 4400 પાઉન્ડ એકઠા કરી એક નર્સિંગ સ્કૂલની સ્થાપના કરી.
- ઇ.સ. 1860માં આ નર્સિંગ સ્કૂલનું નામ સેટ થોમસ સ્કૂલ નર્સિંગ રાખવામાં આવ્યું.
- ઇ.સ. 1846માં મદ્રાસમાં સૌપ્રથમ સરકારી હોસ્પિટલની સ્થાપના થઈ
- ઇ.સ. 1888માં આધુનિક ભારતમાં આધુનિક નર્સિંગની શરૂઆત થઈ.
- નર્સિંગનો અભ્યાસ પૂર્ણ કરનારને નર્સની નોકરી પહેલા ફ્લોરેન્સ નાઇટિંગલના શપધ લઈ સેવા અને કરૂણાનો પ્રસાર કરવાનો ભેખ લે છે.

## સર રોનાલ્ડ રોસ



મલેરિયા તાવના મચ્છરોના શોધક સર રોનાલ્ડ રોસનો જન્મ તા.૧૩/૫/૧૮૫૭ના રોજ હિમાલયની તળેટીમાં આવેલ અલમોડા નૈનીતાલમાં થયો હતો. તેમના પિતા ભારતના બ્રિટીશ સેનાના સેનાધિપતિહતા. તેમેણ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ ઈંગ્લેન્ડમાં લીધું હતું.ઈ.સ. ૧૮૮૧માં તેમેણ ડોકટરી પડવી મેળવી હતી. તેમને પિયાનોવાદક, ચિત્રકલા, ગણિત અને સંગીત એ તેમના શોખના વિષયો હતા. સૂક્ષ્મ અવલોકન,સતત તાર્કિક વિચારધારા અને પૂરી નિષ્ઠાથી કામ કરવાની ખેવનાને કારણે રોનાલ્ડ રોસ પ્રસિદ્ધ વિશ્વ વિજ્ઞાની બની ગયા. ભારતમાં પોતાની ડોકટરી સેવા દરમ્યાન ઘણાં બધાં પુરૂષો,સ્ત્રીઓ તથા

બાળકોને ટાઢિયો તાવ (મલેરિયા)થી પીડાતા હતા. રોગની મૂળ અને તે શાથી ફેલાય છે તે તેમના માટે ચિંતનનો વિષય બની ગયો હતો. અને તેમણે આ અંગે સંશોધન હાથ ધર્યું. અને એનોફિલીસ નામના મચ્છર કરડવાથી જ મેલેરિયા થાય છે તે ૨૯મી ઓગસ્ટ ૧૮૯૭ના રોજ પ્રયોગ કરી સિદ્ધ કરેલું. આથી આ ૨૦ ઓગસ્ટ ૧૮૯૭થી ૨૦મી ઓગસ્ટ ' મચ્છર દિન' અને ૨૦ જુલાઈ ૧૮૯૮થી દર વર્ષે ૨૦મી જુલાઈ 'મલેરિયા દિન' તરીકે ઉજવાય છે.

તેમણે જાહેર કર્યું કે મેલેરિયાની અસરવાળા માણસ-દર્દીમાંથી એનોફિલીસ મચ્છર દ્વારા તંદુરસ્ત વ્યક્તિમાં મેલેરિયાનો રોગ ફેલાઈ છે. આ સંશોધનને રોસ સાયકલ કહે છે. એનોફિલીસમચ્છરનું પેટ ચીરતા તેના પેટમાંથી ૧૨ નાના પરંતુ કાળી રેખાવાળા કોષોશોધી જે કરડવાથી શરીરમાં જતા મેલેરિયા થાય છે. ઈ.સ. ૧૯૨૬માં ગરમપ્રદેશમાં લોકોના રોગોનું સંશોધન કરતી રોસ ઇન્સ્ટીટયુટ નામની સંસ્થાની સ્થાપના કરી. આ ઉપરાંત વિજ્ઞાન અને વિકાસ નામના સામયિકના તંત્રીપદે પણ તેઓ રહ્યા હતા. તેમના પ્રયોગો ખૂબ જ સફળ અને સાદા હતા. રોનાલ્ડ રોસ મચ્છરોને પકડતાં તેમની વૃદ્ધિ કરતા અને ત્યારપછી જે દર્દીઓના શરીરમાં મલેરિયાના પેરેસાઈડ જંતુઓ હોય તેના પર છોડતા પછી આ મચ્છરોને ફરીથી પકડીને પ્રયોગોને અંતે મચ્છર અને મલેરિયાને સબંધ છે એ વિષે તેમણે સૌપ્રથમવાત કરી હતી. ઈ.સ. ૧૮૯૯માંતેઓ ટ્રોપિકલ મેડીસીનની લિવરપુલ સ્કૂલમાં લેકચરર રહ્યા ત્યારપછી તેઓ ઈ.સ. ૧૯૦૨ થી ૧૯૧૨ સુધી પ્રોફેસર તરીકે સેવા આપી. ૬૫ વર્ષની વયે અથાગ પરિશ્રમને કારણે ૧૬ સપ્ટેમ્બર ૧૯૩૨ના રોજ તેમનું અવસાન થયું.

## મહેંદી નવાઝ જંગ



ગુજરાતના અર્વાચીન સંસ્કાર જગતને પોતાની વિવિધલક્ષી પ્રવૃતિઓ કરનાર ગુજરાત રાજ્યના સ્થાપના સમયના પ્રથમ રાજ્યપાલ મહેંદી નવાઝ જંગનો જન્મ તા. ૧૪/૫/૧૮૯૪ના રોજ આંધ્રપ્રદેશના હૈદરાબાદમાં થયો હતો. તેઓ હૈદરાબાદની સનદી સેવા ઉપરાંત વિવિધ સરકારી હોદ્દાઓ પર કામગીરી બજાવી હતી.ઈ.સ. ૧૯૩૭ થી ૧૯૪૨ દરમિયાન હૈદરાબાદ મ્યુનિસિપલ કમિશનર તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત ઈ.સ. ૧૮૪૨માં વ્યાપાર અને ઉદ્યોગ ખાતાના સચિવ તરીકે ખૂબ જ પ્રશંસનીય કામગીરી તેમણે બજાવી હતી. તેમણે વિવિધ સેવાઓની કદર કરીને ભારતસરકારે નવોદિત ગુજરાત રાજ્યના સ્થાપના દિનથી એટલે કે પહેલી મે ૧૯૬૦ના રોજ ગુજરાતના રાજ્યપાલશ્રી તરીકે નિમણૂંક કરી. ગુજરાતની સેવાકીય, સામાજિક તેમજ આર્થિક પ્રવૃતિઓમાં ઊંડો અને સક્રિય રસ લઈને ગુજરાતને રાજકીય સ્ટાર પર ભારતના નકશામાં સ્થિર કરવાનું પાયાનું કામ તેમણે કર્યું હતું.

મહેંદી નવાઝ જંગને ભારત સરકારે તેમની વહીવટી સેવાઓની કદર કરીને ઈ.સ.૧૯૬૫માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવેલ છે. તેઓ લાલીત્કલા અકાદમીના અધ્યક્ષ

તરીકે પણ સેવા આપી હતી. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલ, ગુજરાત કેન્સર સોસાયટી તથા કુંટુંબનિયોજન વગેરે સસ્થાઓમાં અને પ્રવૃતિઓને સફળ નેતૃત્વ પુરૂ પાડ્યું હતું. તેમનું અવસાન તા.૨૩/૬/૧૯૬૭ના રોજ હૈદરાબાદ ખાતે થયું હતું. અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલ ' મહેંદી નવાઝ જંગ હોલ' તેમનું કાયમી સંભારણું અને સ્મારક બની રહેશે.

## સુખદેવ થાપર

ભારતીય ક્રાંતિકારી સ્વાતંત્ર્યસેનાની સુખદેવ થાપરનો જન્મ ૧૫ મે ૧૯૦૭ના રોજ પંજાબ રાજ્યના લુધિયાણામાં ખત્રી પરિવારમાં થયો હતો. પિતાનું નામ રામલાલ અને માતાનું નામ રલ્લી દેવી હતું. તેઓ પંજાબી હિન્દુ સમુદાયના હતા અને તેમના પિતાના મૃત્યુ પછી તેમના કાકા અચિંતરામ દ્વારા તેમનો ઉછેર થયો હતો. તેમણે લાહોરની રાષ્ટ્રીય કોલેજમાં અભ્યાસ કર્યો હતો. તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોશિએશનના અગ્રણી સભ્ય હતા. તેમણે ભગતસિંહ અને રાજગુરૂ સાથે મળીને અનેક ક્રાંતિકારી પ્રવૃતિઓમાં ભાગ લીધો હતો. ૧૯૨૯માં જેલની ભૂખ હડતાળ અને લાહોર ષડ્યંત્ર કેસમાં તેમના હુમલા માટે જાણીતા છે. લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓ દ્વારા લાઠીઓ વરસાવવામાં આવી અને ઇજાગ્રસ્ત થતાં તેમનું અવસાન થયું હતું તેના જવાબમાં ભગતસિંહ અને શિવરામ રાજગુરૂ દ્વારા ૧૭ ડિસેમ્બર ૧૯૨૮ ના રોજ સહાયક પોલીસ અધિક્ષ જે.પી. સાંડેસરાની હત્યામાં તેમની સંડોવણીના કેસમાં તા. ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ થાપરને લાહોર સેન્ટ્રલ જેલમાં ભગતસિંહ સાથે ફાંસી આપવામાં આવી હતી. તેમના મૃતદેહને ગુપ્ત રીતે સાતળજ નદીના કિનારે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમની યાદમાં દર વર્ષે ૨૩ માર્ચ ' શહીદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.


## ૧૫ મે આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ




વિશ્વભરના પરિવારોને પરેશાન કરતાં વિવિધ મુદ્દાઓ તપાસીને તેને ઉકેલવા માટે જરૂરી પગલાં સૂચવવાનો મુખ્ય ઉદ્દેશ છે.

- પરિવાર એક એવો સમૂહ છે જ્યાં આપણે પોતાના મનને આરામ આપવા માટે કોઇની જરૂર હોતી નથી. પરિવાર એટ્લે એક જ સ્નેહને તાંતણે બંધાયેલ માળો. દરેક મુશ્કેલીમાં બધા સાથે ઊભા રહીને એ મુશ્કેલીને દૂર કરે એ પરિવાર
- વર્ષ ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૧૫ મે આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ તરીકે ઉજવણીની ઘોષણા કરી હતી.
- સર્વપ્રથમ ૧૯૯૪માં આ દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી.

## શ્રી અંબુભાઈ પુરાણી



આજના ઝડપી યુગમાં માનવી સતત તનાવ અને ટેન્શનમાં રહેતો હોય છે. વર્તમાન સમયમાં માનવી મન અને શારીરિક તંદુરસ્તી માટે યોગ અને કસરતને વધુ મહત્વ

આપવામાં આવ્યું છે. શાળામાં શારીરિક તેમ જ માનસિક વિકાસ માટે વ્યાયામ બાળકના જીવનઘડતરમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. બાળક તંદુરસ્ત હશે તો તેનું મન પણ તંદુરસ્ત રહેશે અને ટે અભ્યાસમાં પણ વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે.આવા વિચારણા પ્રણેતા તથા ગુજરાત અને યુવાધનને વ્યાયામ પ્રવૃતિના પ્રોત્સાહક શ્રી અંબુભાઈ પુરાણનો જન્મ તા. ૧૬/૫/૧૮૯૪ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ બાલકૃષ્ણ અને માતાનું નામ જડીબેન હતું. બચપણ જામનગર અને કિશોરવસ્થા ભરૂચમાં વીત્યું. ઈ.સ.૧૯૧૦માં વડોદરાની સયાજી હાઈસ્કૂલમાંથી મેટ્રીકની પરીક્ષા પાસ કરી. વડોદરાની લક્ષ્મીનાથ વ્યાયામ શાળાના તેઓ પ્રણેતા હતા. સવારે વહેલા ઉઠવું અને રેવાના કિનારે પરિભ્રમણ કરતાં હતા. ઉત્તમ પુસ્તકોન વાંચન અને નિયમિત ગાયત્રીમંત્રના જાપ કરવા એ અંબુભાઈ પુરાણીનો નિત્યક્રમ રહ્યો હતો. હજારો યુવક યુવતીઓના જીવનઘડતરમાં તેઓ મૂલ્યવાન ભૂમિકા અદા કરી હતી. પોંડિચેરીમાં છોટુભાઈ પુરાણી અને અંબુભાઈ પુરાણી બંને ભાઈઓને મહાયોગી શ્રી અરવિંદનો પારસસ્પર્શ થયો હતો.

અંબુભાઈનું જીવન જ્ઞાન,ભક્તિ, કર્મ અને યોગીથી પરિપક્વ થયું હતું. શ્રી અરવિંદના વિચારોને બૌદ્ધિક સમજ કેળવીને તેમને જીવનમાં ઉતાર્યા હતા. ઉત્તમ વિદ્યાર્થી, આદર્શ ભક્ત, યુવાનેતા અને આદર્શ માનવી અંબુભાઈ પુરાણીએ શ્રી આધ્યાત્મિક ગુરૂ તરીકે સ્વીકાર્યા હતા. તેઓ અરવિંદ દર્શન- પૂર્ણયોગના સાધક રહ્યા હતા. ‘ સાવિત્રી’ના તેઓ અચ્છા ભાષ્યકાર હતા. તેમને રાષ્ટ્રીય શિક્ષણના પ્રસારનું કાર્ય પણ કર્યું હતું. તેમનું અવસાન ૧૫મી ડીસેમ્બર ૧૯૬૫ના રોજ થયું હતું. તેમની સ્મૃતિરૂપે અમદાવાદમાં શારીરિક શિક્ષણ આપતી સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

## કુમુદિની લાખિયા



ભારતીય કથક નૃત્યાંગના અને નૃત્ય નિર્દેશિકા કુમુદિની લાખિયાનો જન્મ ૧૭ મે ૧૯૩૦ના રોજ થયો હતો. તેમણે તેમની કારકિર્દીની શરૂઆત રામ ગોપાલ સાથે કરી હતી. તેઓ રાજ ગોપાલના પશ્ચિમ દેશના પ્રવાસે જનાર નૃત્યુ જૂથમાં જોડાયા હતા. આ પ્રવાસમાં તમણે વિદેશી લોકો સમક્ષ પહેલી વાર ભારતીય નૃત્ય પ્રદર્શિત કર્યું અને ત્યાર બાદ તેઓ સ્વપ્રયત્ને નૃત્યાંગના અને નૃત્ય નિર્દેશિકા બન્યા. તેમણે પહેલા જયપુર ઘરાનાના વિવિધ ગુરુઓ અને પછી શંભુ મહારાજ પાસેથી શિક્ષણ મેળવ્યું.

તેઓ ખાસ કરીને તેમના બહુ-કલાકારો ધરાવતા (સામુહિક) નૃત્ય નિર્દેશન માટે જાણીતા છે. તેમણે લિંકનન્સ ઇન ખાતે કાયદાનો અભ્યાસ કરતા રજનીકાંત લખિયા સાથે લગ્ન કર્યા હતા. તેઓ રામ ગોપાલ કંપનીમાં વાયોલિનવાદક હતા અને ૧૯૬૦માં તેઓ અમદાવાદ આવી સ્થાયી થયા હતા. તેમણે ઇ.સ. ૧૯૬૭માં કદમ્બ સ્કૂલ ઓફ ડાન્સ એન્ડ મ્યુઝિકની સ્થાપના કરી હતી.


## ડૉ.એડવર્ડ જેનર



૧૮મી સદીના અંત સુધીમાં શીતળા કેવો કાળો કેર વર્તાવ્યો હતો તે સમયે યુરોપમાં

લગભગ છ કરોડ લોકો શીતળાના રોગના કારણે અવસાન પામ્યા હતા. આજે તો ભારત જેવા ગરીબ દેશોમાં પણ શીતળા નાબૂદ થઇ ગયો છે. આજે સમગ્ર વિશ્વમાં શીતળા રોગ નાબૂદ થઇ ચૂક્યો છે. તેનો પ્રાથમિક શ્રેય ડૉ.એડવર્ડજેનર નામના અંગ્રેજ તબીબને ફાળે જાય છે. આ તબીબે શીતળાની રસી મુકવાનો સિધ્ધાંત ઈ.સ. ૧૭૯૬માં શોધી કાઢ્યો હતો. આવા મહાન વિજ્ઞાનીનો જન્મ તા. ૧૭/૫/૧૭૪૯ના રોજ ઈંગ્લેન્ડમાં આવેલા બર્કલે પરગણામાં પાદરીપરિવારમાં થયો હતો. ડૉ.એડવર્ડજેનર પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં જ મેળવ્યું ત્યારપછી તેમણે ડેનિયલ ડેડલો નામના ડોક્ટરને ત્યાં વૈદક્શાસ્ત્રનો અભ્યાસ કર્યો. નાનપણથી જ આ બાળકની પ્રવૃતિ અને રુચિ પ્રાણીશાસ્ત્ર પ્રત્યે હતી. ઈ.સ.૧૯૭૦માં તેઓ લંડન ગયા. અને ત્યાં ડૉ. જ્હોનહંટરના તેઓ શિષ્ય બન્યા. તેમને પ્રાણીઓની વિગતો ભેગી કરવાની અને એનું સંકલન કરવાનું હતું. આ પ્રવૃત્તિ દરમ્યાન જાણવા મળ્યું કે ગાયના બળિયામાં બે રોગનું મિશ્રણ છે. જેમાં માત્ર એકરોગના જીવાણું બળિયાના રોગ અટકાવવા માટે ખૂબ ઉપયોગમાં આવે તેમ છે. આ ઉપરથી તેમણે ગાયના બળિયાની રસી જો માનવીના શરીરમાં દાખલ કરવામાં આવે તો માનવી શીતળાના રોગથી બચી જાય છે. તેમણે જેમ્સફિપ્સ નામના આઠ વર્ષના બાળકના શરીરમાં આ જીવાણુઓ દાખલ કર્યા. આથીએ બાળકને જીવનભર શીતળા નીકળ્યા નહિ. ત્યારપછી શીતળારસીનો તેમણે ખૂબ પ્રચાર કર્યો. ઈ.સ. ૧૮૧૩માં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ શરૂઆતમાં ડૉ.એડવર્ડજેનરને એમ.ડી.ની પદવી આપી. આ પછી તેમણે લંડનનો પ્રવાસ કર્યો હતો. આજે આપણે જાતજાતના રોગોની રસીઓ બજારમાં ઉપલબ્ધ છે. કોલેરા, પ્લેગ, ડીપ્થેરીયા અને પોલીયો જેવા રોગો હવે રસી વડે કાબૂમાં આવી શક્યા છે. ટ્રિપલ વેક્સીન જે આજે શહેરોમાં અને ગામડાઓમાં બધે જ જાણીતું થયું છે. આ બધી રસી મૂળમાં રહેલો સિધાંત શોધી કાઢનાર ડૉ.એડવર્ડજર હતા. બ્રિટનના જુનવાણી તબીબીઓએ વિરોધનો વંટોળ ઉભો કર્યો. ડૉ.એડવર્ડજેનર બહાર નીકળે તો તેના પર પથ્થર ફેંકવામાં આવતા હતા પરંતુ જેનર એનાથી હતાશ થયા વિના એમને ખુદ પોતાના પુત્ર પર ઈ.સ. ૧૪મીમે૧૭૯૬માં શીતળાનીરસીનો પ્રયોગ કરી બતાવ્યો હતો. આખરે ડૉ.એડવર્ડજેનર સામેનું તોફાન શાંત થયું. અને આ શોધનો સ્વીકાર કર્યો. બ્રિટીશ સરકારે ડૉ.એડવર્ડજેનરને નાઈટહૂડની ઉપાધી આપી ૨૦હજાર પાઉન્ડ આપ્યા હતા.જેમાંથી જેનરે નેશનલ વેક્સીન ઇન્સ્ટીટયુટની સ્થાપના કરી. આ ઉપરાંત રશિયાના ઝરે એમનું સુવર્ણમુદ્રીકાથી સન્માનિત કર્યા હતા. આવા માનવતાવાદી વિજ્ઞાની ૨૬જાન્યુઆરી૧૮૨૩ના રોજ પક્ષાઘાતને કારણે અવસાન પામ્યા. શીતળાના રોગનો સચોટ ઉપાય બતાવનાર ડૉ.એડવર્ડ જેનર સદા અમર રહેશે.

## નિરંજનભગત



ગુજરાતી કવિ, વિવેચક નિરંજન ભગતનો જન્મ તા. ૧૮/૫/૧૯૨૬ ના રોજ અમદાવાદમાં થયો હતો. પિતાનું નામ નરહરીભાઈ અને માતાનું નામ મેનાબાઈ હતું. તેમના દાદા ભજનકીર્તન કર્તાને ભક્તિમંડળીમાં જોડાયેલા તેથી તેઓ 'ભગત' તરીકે ઓળખાયા. તેમણે પ્રાથમિકશિક્ષણ અમદાવાદની કાલુપુર શાળા નં. ૧માં અને માધ્યમિક શિક્ષણ પ્રોપ્રાઇટરી તથાનવચેતન હાઈસ્કૂલમાં મેળવ્યું હતું. ઈ.સ. ૧૯૪૨ની સ્વાતંત્ર્યચળવળના કારણે અભ્યાસ છોડ્યો. ઈ.સ.૧૯૪૪માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી.ઈ.સ.૧૯૪૪-૪૬ દરમિયાન અમદાવાદની એલ.ડી. આર્ટસ કૉલેજમાં બે વર્ષનું શિક્ષણ લઈ ઈ.સ. ૧૯૪૮માંમુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી એન્ટાયર અંગ્રેજી વિષય સાથે બી.એ થયા. ઈ.સ. ૧૯૫૦માં એલ.ડી. આર્ટસકૉલેજમાં દાખલ થઈ અંગ્રેજી મુખ્ય અને ગુજરાતી ગૌણ વિષયોમાં એમ.એ. થયા. ઈ.સ.૧૯૫૦થી૧૯૮૬સુધી અમદાવાદની વિવિધ આર્ટસ કૉલેજોમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે કામગીરી કરી. ઈ.સ.૧૯૫૭-૫૮માં 'સંદેશ' દૈનિકના સાહિત્યવિભાગના સંપાદક તરીકે જોડાયા. ત્યારપછી ઈ.સ. ૧૯૭૭માં 'ગ્રંથ' માસિકનું સંપાદન અને ઈ.સ.૧૯૭૮-૭૯માં ત્રૈમાસિક 'સાહિત્ય'ના તંત્રીપદે રહ્યા હતા.

તેમણે ઈ.સ.૧૯૪૬માં સૌપ્રથમ કાવ્યસંગ્રહ ' પ્રવાલદ્વીપ' પ્રગટ થયો.ત્યારપછી તેમણે ' છંદોલય', કિન્નરી', 'અલ્પવિરામ',' ૩૩ કાવ્યો', બૃહદ છંદોલય' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. ' છેન્ડોલય' કાવ્યસંગ્રહમાં ઈ.સ.૧૯૪૩ થી ૧૯૪૮ સુધીના કવિતામાં પ્રણય અને પ્રકૃતિ કાવ્યના વિષયો તરીકે નિરૂપણ કરવામાં આવ્યું છે. નિરંજન ભગત ઈ.સ.૧૯૪૭ પછીથી ગુજરાતી કવિતામાં દેખાતી આધુનિકતાના ઘણાલક્ષણો એમની કવિતામાં પ્રથમ વખત જોવા મને છે. તેમણે ' મુંબઈ નગરી ' કાવ્યમાં મુંબઈ શહેર નિમિત્તે આધુનિક નગર સભ્યતાનું ' પ્રવાલદ્વીપ' શિર્ષક હેઠળના નગર કાવ્યોમાં નિરૂપણ કર્યું છે. મિલનની માધુરી કરતાં પ્રાપ્તિની ઝંખના , આર્ત અને વિરહની વેદના કવિએ તેમના કાવ્યોમાં વ્યક્ત કરી છે. પ્રણયનો ઉલ્લાસ કે ઉઘાડ તેમની કવિતામાં અત્યંત ઉજાસભર્યા વાતાવરણમાં વ્યક્ત કરે છે. ઈ.સ.૧૯૪૯માં કુમારચંદ્રક, ઈ.સ.૧૯૫૭માં નર્મદચંદ્રક અને ઈ.સ. ૧૯૬૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ.૧૯૫૩-૫૭માં ' છંદોલય' કાવ્યસંગ્રહને નર્મદ સુવર્ણચંદ્રક આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

## સંત પુનિત મહારાજ



ધર્મ અને સત્સંગનું ઘેલું લગાડનાર સંત પુનીતનો જન્મ તા. ૧૮/૫/૧૯૦૮ના રોજ ધંધુકાના વતની ભાઈશંકર ભટ્ટને ત્યાં થયો

હતો. માતાનું નામ લલિતાદેવી હતું. પુનીત મહારાજનું મૂળ નામ બાલકૃષ્ણ હતું. માત્ર છ વર્ષની નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી હતી. માતા લલિતાદેવીએ કારમી ગરીબીમાં તેમનેઉછેરીને મોટા કર્યા હતા. રામાયણ અને મહાભારતની સંસ્કાર બોધકથાઓ તેમણે સંસ્કારિત કાર્ય હતા. બાળપણથી જ તેમને રામનામની પ્રીતિ લાગી. મેટ્રિક સુધી અભ્યાસ કરી નોકરી માટે કર્ણાવતી આવ્યા. અહીંથી તાર ટપાલ ખાતાની ટ્રેનિંગ માટે જૂનાગઢ ગયા પણ છેવટે ધંધુકામાં આવી પટાવાળાની નોકરી સ્વીકારી. તેમના લગ્ન સરસ્વતીદેવી સાથે થયા હતા. કર્ણાવતી રેલ્વે સ્ટેશન પર કુલી તરીકે મજુરી કરી ત્યારપછી જી.કે. માવલણકરના ‘ ગર્જના’ સામયિકના પત્રકાર તરીકે જોડાયા આ સામયિક બંધ થતાં ‘ લલિત’ નામનું સાહિત્યિક સામયિકની શરૂઆત કરી. ત્યારપછી બીજું ‘વીણા’ નામનું સાપ્તાહિકની પણ શરૂઆત કરી હતી.

સંત પુનીત સારંગપુરમાં આવેલા રણછોડજી મંદિરમાં તેમનું શરણું લીધું. ઈ.સ. ૧૯૩૨માં ‘ ભકિત ઝરણાં’ નામનો ભજનસંગ્રહ પ્રસિદ્ધ કર્યો. તેમણે કૃષ્ણ ભજનમંડળની સ્થાપના કરી. તેમના સ્વરચિત ભજનો અને સત્સંગની સરવાણી સાંભળવા હજારો લોકો આવતાં હતા. ઈ.સ. ૧૯૫૧માં ધર્મ અને સત્સંગના પ્રચાર કરવા ‘ જન કલ્યાણ’ માસિક પ્રકાશિત કર્યું જે આજ દિન સુધી ચાલુ છે. દુખી બાંધવો માટે રાહતકેન્દ્રો શરૂ કરો તેમણે મદદ કરતાં હતા. તેઓ પાંચ લાખ રામ મંત્ર લખે તેને ત્યાં કથા કરવા જતા હતા. તેમણે રામનામ બેંક અને મંત્ર મંદિરની શરૂઆત કરી. મણીનગરમાં સત્સંગ માટે ‘ પુનીત સેવાશ્રમ’ બનાવ્યો. નેત્રયજ્ઞ, પ્રભાતફેરી,મેડીકલ કેમ્પ, ભાખરી દાન જેવી પ્રવૃતિઓ મોટાપાયે શરૂ કરી હતી. ‘ જનસેવા એ જ પ્રભુસેવા’ મંત્ર તેમણે અપનાવ્યો હતો. તેમણે દરેક જિલ્લામાં સત્સંગ સુધા રેલાવવા એક એક વર્ષ ફાળવ્યું હતું. છેવટે ૨૭ જુલાઈ ૧૯૬૨ના રોજ હૃદયરોગના લીધે વડોદરામાં અવસાન થયું.

## કૃષ્ણકુમારસિંહજી



ભાવનગરના પ્રજાવત્સલ મહારાજા ગુજરાતના ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો જન્મ ૧૯ નવેમ્બર ૧૯૧૨ના રોજ ભાવસિંહજી અને મહારાણી નંદકુવરબાની કૂખે જન્મ થયો. તેઓ માત્ર છ વર્ષની વયે માતાનું અવસાન અને સાત વર્ષની વયે પિતાનું અવસાન થયું. અંગ્રેજ સરકારે ભાવનગર રાજ્યના વહીવટી કાઉન્સીલના વડા તરીકે ૧૧ ફેબ્રુઆરીએ ૧૯૨૦ના રોજ સર પ્રભાશંકર પટ્ટણી સાહેબની નિમણૂંક કરી. કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં લીધું ત્યારબાદ ઈંગ્લેન્ડની પ્રખ્યાત હીરો શિક્ષણ સંસ્થામાં મેળવ્યું. હીરોના ત્રણ વર્ષના અભ્યાસ પછી સોળ વર્ષની વયે તેઓ ભાવનગર પરત ફર્યા. ૧૯૩૦માં દેશી રાજયોના પ્રતિનિધિ તરીકે સર પ્રભાશંકર પટ્ટણી સાથે કૃષ્ણકુમારસિંહજી ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરિષદમાં જવાનું થયું. કૃષ્ણકુમારસિંહજીના ઘડતરમાં દેશ લેવાલના નેતાઓના ભાવનગર રાજ્ય સાથેના મધુર સંબંધોએ મહત્વનો ભાગ


ભજવ્યો હતો. તેમણે શિક્ષણ અને અન્ય સુધારા માટે મહત્વનુ યોગદાન આપ્યું હતું. કૃષ્ણકુમારસિંહજી દરેક ક્ષેત્રમાં પોતાની કાબેલિયતના દર્શન કરાવ્યા. પ્રાજાની સુખાકારી અને પ્રજા કલયાનના અનેક કામો કર્યા છે. સૌથી અગત્યનું કર્યા દેશી રાજયોના વિલીનીકરણમાં ભરતભરણા ૫૬૨ દેશી રાજ્યોમાં સૌપ્રથમ પોતાનું રાજ્ય તમામ માલ મિલકત રોકડ રકમ સહિત ભારત માતાના ચરણોમાં સમર્પિત કરી સરદાર અને ગાંધીજીનું કામ સરળ બનાવ્યું હતું. તેમણે આખું જીવન પરોપકાર માટે હતું તે કહેતા હતા કે ‘ તમે ગમે તેવા મોટા થાવ પણ માનવ રહેજો’ બીજી એપ્રિલ ૧૯૬૫ના રોજ ૫૨ વર્ષની વયે અવસાન થયું હતું.

## કવિ સુમિત્રાનંદ પંત



હિન્દી સાહિત્યના મહાન વિરલ વિભૂતિ સમાન કવિ સુમિત્રાનંદ પંતનો જન્મ તા. ૨૦/૫/૧૯૦૦ના રોજ હિમાલયની તળેટીમાં આવેલ અલમોડા પાસેના કોસાનીગામમાં થયો હતો. તેમનું મૂળ નામ ગુસાઈદત્ત હતું. કુદરતી રમણીય પ્રકૃતિની ગોદમાં હસતાં રમતાં અને ખેલતા પંતજીનું બાળપણ વીત્યું હતું.પ્રકૃતિના અપાર સૌંદર્યના ચિત્રો તેમના મનમાં અંકિત થયા હતા. બાળક સુમિત્રાનંદ પંતને પણ પ્રકૃતિના આવા અનુપમ સૌદર્યનું આકંઠ પાન કાર્ય હતું અને ત્યારબાદ ‘ સૌંદર્યો પીને ઉરઝરણ ગાશે આપમેળે’એ ન્યાયે તેમનું ઉરઝરણ પણ મુક્તકંઠે ગાવા લાગ્યું. નાની ઉંમરથી જ તેમણે કવિતાઓ લખવાની શરૂ કરી હતી. તેમની પ્રથમ રચના ઈ.સ. ૧૯૧૬માં ‘ ગિરજ કા ઘંટા’ પ્રકાશિત થઇ.’ મેઘદૂત’નો પાઠ કરતાં મોટા ભાઈના પ્રભાવથી તેઓ કવિતા તરફ આકર્ષાયા એ જ અરસામાં તેમણે ‘ ગુસાઈદત્તને બદલે ‘ સુમિત્રાનંદ’નું નામ સ્વીકાર્યું. કવિ તરીકેની તેમની કારકિર્દી ઈ.સ.૧૯૧૮થી શરૂ થઇ. ત્યાં સરોજની નાયડુ,, રવીન્દ્રનાથ ટાગોર તથા અંગ્રેજી ભાષાના સુપ્રસિદ્ધ કવિઓની કૃતિઓનો પરિચય થયો. તેમેન ૧૯૪૪માં ઉદયશંકર નિર્મિત ચલચિત્ર ‘ કલ્પના’ માટે ગીતો લખ્યા. તે જ વર્ષે શ્રી અરવિંદની દાર્શનિક પ્રવૃતિઓનો પરિચય થયો હતો. અને ઈ.સ. ૧૯૫૯ના ગાળામાં ‘સ્વર્ણધૂલી’ થી માંડી ‘ ઉત્તરા’ સુધીના કાવ્યોમાં શ્રી અરવિંદની વિચારસરણી જોવા મળે છે. ઈ.સ.૧૯૫૦ થી ૧૯૫૭ દરમ્યાન તેમણે આકાશવાણીમાં સેવા આપી. આ જ અરસામાં તેમના ‘ રજતશિખર’, ‘ શિલ્પી’, ‘સુવર્ણ’ તથા ‘ અંતિમા’ માનક કાવ્યરૂપકો પ્રકાશિત થયા. પંતજીના છાયાવાદી ઉત્તમ કાવ્યગ્રંથોમાં ‘ પલ્લવ’ અને ‘ ગુંજન’ નોંધપાત્ર છે. પ્રેમ અને સૌદર્ય પંતજીની કવિતાનો મૂળ મંત્ર હતો. આ પ્રકૃતિ પ્રેમી અને સંવેદનશીલ કવિને માનવીય મૂલ્યો પ્રત્યે ઊંડી શ્રધ્ધા અને આસ્થા હતી. જીવનના ઉત્તરકાળમાં કવિએ ‘ લોકાયતન’ મહાકાવ્યની રચના કરી હતી. તેમને ઈ.સ.૧૯૬૧ના વર્ષનો સાહિત્ય અકાદમીનો એવોર્ડ અને ઈ.સ.૧૯૬૮માં ‘ ચિંમ્બરા’ કાવ્યસંગ્રહ માટે તેમને જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો હતો. તેમનું અવસાન ૧૮ ડીસેમ્બર ૧૯૭૭ન રોજ થયું હતું.

## રમણલાલજોશી



ગુજરાતી વિવેચકઅને સંપાદકરમણલાલજોશીની જન્મ તા. ૨૨/૫/૧૯૨૬ના રોજ વિજાપુર તાલુકાનાહિરપુરા ગામમાં થયો હતો.પિતાનું નામ જેઠાલાલ હતું. તેમણે પ્રાથમિક શિક્ષણ વડનગરમાં અને માધ્યમિક શિક્ષણ પિલવાઈમાં મેળવ્યું હતું. ઈ.સ. ૧૯૫૦માં બી.એ.અને ઈ.સ.૧૯૫૪માં એમ.એ.ની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૬૨માં પીએચ.ડી.ની ઉપાધી મેળવી હતી. ઈ.સ.૧૯૫૯ થી ૧૯૬૨ સુધી અમદાવાદની સર એચ.એ.આર્ટસ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ.૧૯૬૨ થી૧૯૬૮ સુધી ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં અધ્યાપક અને ગુજરાતીવિભાગના પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી. અને છેલ્લે ભાષાભવનના અધ્યક્ષપદેથી ૧૯૮૬માં નિવૃત્ત થયા. તે પછીકૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ ગુજરાત યુનિવર્સિટીમાં ડાયરેક્ટર તથા ૧૯૮૮માં યુ.જી.સીતરફથી એમિરિટસ પ્રોફેસર તરીકે સેવા અઆપી હતી. ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ. ૧૯૮૪ નું સાહિત્યઅકાદમી, દિલ્હીનું પારિતોષિક એનાયત થયેલ છે. તેમણે ‘ગોવર્ધનરામ એક અધ્યયન’, ‘અભીપ્સા’, ‘પરિમાણ’, ‘શબ્દસેતુ’, ‘પ્રત્યય’, ‘ભારતીય નવલકથા’-૧, ‘સમાન્તર’, ‘વિનિયોગ’, ‘ગુજરાતી સાહિત્યની કાર્યવાહી-૧૯૬૩નું ગ્રંથસ્થ વાડમય’, ‘ગોવર્ધનરામ(અંગ્રેજીમાં)’, ‘વિવેચનનીપ્રક્રિયા’, ‘પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ’, ‘નિષ્પત્તિ’, ‘પરિવેશ’, ‘વિવેચનની આબોહવા’ એમના વિવેચનસંગ્રહો છે. ‘સ્વ.સાક્ષર નવલરામ લક્ષ્મીરામનુંજીવનવૃત્તાંત અને કવિજીવન’ તથા ‘શબ્દલોકના યાત્રીઓ’-૧-૨ એ એમનાચરિત્રાત્મક ગ્રંથો છે.અખેગીતા’ સંશોધન-સંપાદનમાં એમનામધ્યકાલીન સાહિત્યના સ્વાધ્યાયનો પરિચય મળી રહે છે. ‘અખાની કવિતા’ એ એમનુંઅખાની કાવ્યતત્વની દ્રષ્ટિએ બળુકી રચનાઓનું સંપાદન છે.

## રાજારામ મોહનરાય



ભારતની વૈજ્ઞાનિક ક્રાંતિના આદ્ય પ્રણેતા અને ભારતના પ્રથમ સમાજ સુધારક રાજા રામમોહનરાયનો જન્મ તા.૨૨/૫/૧૭૭૨ના રોજ બંગાળના હુગલી જીલ્લાના રાધાનગર ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ રમાકાંત એક વૈષ્ણવ બ્રાહ્મણ હતા, માતાનું નામ ઠાકુરાણી હતું.રાજારામ મોહનરાય માત્ર ૧૫ વર્ષની નાની વયે બંગાળી, સંસ્કૃત,અરબી તથા ફારસી જેવી ભાષાનું જ્ઞાન મેળવી લીધું હતું. શાળાકીય અભ્યાસ પટનામાં કર્યો હતો. તેમને સંસ્કૃત પાઠશાળામાં ચાલતા વેદાંત અને ઉપનિષદોનો અભ્યાસ માત્ર ૧૬ વર્ષની વયે પૂરો કર્યો હતો. અંતમાં વેદાંતને જીવનનો આધાર બનાવ્યો હતો. જ્ઞાન મેળવવાની જિજ્ઞાસાએ તેમણે હિમાલયથી લઈને તિબેટ સુધીની સફર કરાવી હતી.તેમણે પોતાની ભાભીને પરાણે સતી થવાની ફરજ પડેલી જોઈ તેનાથી તેઓ અકળાયા અને આ પ્રથા નાબૂદ કરવાની ઝૂંબેશ ઉપાડવાની તેમનામાં વૃત્તિ જન્મી.

નાની વયે મૂર્તિપૂજાના પ્રશ્ને માતાપિતા અને કુંટુંબ છોડી દીધું. રાજા રામમોહનરાય અનેક હિંદુ શાસ્ત્રોનો અંગ્રેજી ભાષામાં અનુવાદ પણ કર્યો હતો. તેમના આ કાર્ય પાછળ ફક્ત એટલો હેતુ હતો કે ભારતીય સંસ્કૃતિનો સમગ્ર વિશ્વના લોકો જાણી શકે અને તેમના જીવનમાં તેનું આચરણ કરે. તેમણે ઈ.સ. ૧૮૧૬માં ' વેદાંતનો અભ્યાસ' નામે પુસ્તક પ્રગટ કર્યું. ઈ.સ.૧૮૧૫માં 'આત્મીય સભા'ની સ્થાપના કરી. રાજા રામમોહનરાયને બાઈબલના જીવનની ઉંડી અસર પડી. ઈ.સ.૧૮૨૦માં તેમણે ' ઈશુનો બોધ' નામે પુસ્તક પ્રગટ કર્યું. તેમણે અંગ્રેજી ભાષા અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો પણ અભ્યાસ કર્યો હતો. તેમણે જ્ઞાતિપ્રથા, સતીપ્રથા, દૂધ પીતી કરવાનો , બાળલગ્ન અને બહુપતિત્વ પ્રથાનો વિરોધ કર્યો. ઓગણીસમી સદીમાં ભારતની નવજાગૃતિ માટેની સામાજિક અને ધાર્મિક તથા રાજકીય ચળવળનો પાયો નાખ્યો.ઈ.સ. ૧૮૨૯માં સતીપ્રથા નાબૂદ કરી. ઈ.સ. ૧૮૨૨માં તેમણે કલકત્તામાં હિંદુ કોલેજની સ્થાપના કરી હતી અને ત્યારબાદ તેમણે વેદાંત કોલેજની પણ સ્થાપના કરી હતી. ઈ.સ.૧૮૨૨માં તેમણે તેના ફળ સ્વરૂપે ઈ.સ.૧૯૫૬માં' હિંદુ કોડ બીલ' અમલમાં આવ્યો. સ્ત્રીને પતિની અને પિતાની મિલકતમાં હકદાર ગણવામાં આવી. તેમણે વિશ્વમાં મુખ્ય ધર્મોનો શુભતત્વ નો સમન્વય કરતો બ્રહ્મોસમાજણી સ્થાપના ૨૫મી ઓગસ્ટ ૧૮૨૮માં કલકત્તામાં કરી. તેમણે સમાજ સુધારાના માટે અંગ્રેજી શિક્ષણની હિમાયત કરી. ભારતમાં સ્ત્રી કેળવણીના તેઓ આદ્યપ્રણેતા હતા. તેઓ અનેક ભાષાઓનું જ્ઞાન ધરાવતા હતા. સામાજિક વૈચારિક ક્રાંતિના પ્રણેતા રાજા રામમોહનરાય ૨૭મી સપ્ટેમ્બર ૧૮૩૩ના રોજ ઈંગ્લેન્ડના બ્રિસ્ટલ ખાતે અવસાન થયું. ત્યાં જ તેમની સમાધી આવેલી છે.


## ૨૩ મે વિશ્વ કાચબા દિવસ



વર્ષ ૧૯૯૦માં સ્થાપિત એક **NGO** અમેરિકન ટોરટોઈઝ રેસક્યું દ્વારા વર્ષ ૨૦૦૦થી આ દિવસ કાચબા દિવસ તરીકે ઉજવાય છે.

- હેતુ :- દરિયાઈ અને જામિની કાચબાઓએ તરફ લોકોનું ધ્યાન દોરવાનો અને લોકોમાં તેના રક્ષણ અને વિકાસમાં મદદરૂપ થવાની ભાવના ઉત્પન્ન કરવાનો છે.
- કાચબો એ ઉભયજીવી પ્રાણી છે તેનું આયુષ્ય ૨૦૦ વર્ષનું હોય છે.
- કાચબોએ દરિયાઈ જીવ છે પણ તે ઈંડા મિકવા જમીન પર આવે છે.
- જમીન પર વસતા કાચબાને ટોટર્સ કહે છે જ્યારે સમુદ્ર, નદી, કૂવામાં તથા સરોવરના કાચબાને ટર્ટલ કહે છે.
- કાચબા ત્રણ જાતિના હોય છે જેમાં ટોર્ટાઈઝ જે ભૂમિવાસી કાચબા , ટેરાપીન જે મીઠાપાણીના કાચબા અને ટર્ટલ જે દરિયાઈ અને સમુદ્રમાં રહેતા કાચબા છે.

## વિરલ વિભૂતિ યોગીજી મહારાજ



સમાજમાં સતત ઉત્સાહ અને નવી ચેતના જગાડનાર મહાન વિભૂતિ યોગીજી મહારાજનો જન્મ તા.

સવંત ૧૯૪૮ના વૈશાખ વદી બારસને તા. ૨૩ મે ૧૮૯૨ના રોજ ધારી ગામમાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં થયો હતો. પિતાનું નામ દેવચંદભાઈ અને માતાનું નામ પૂરીબાઈ હતું. બચપણનું નામ ' જીણો' હતું. તેઓ તેમના પિતાનું ચોથું સંતાન હતા. જીણાભગતની પૂર્વજની ચાર પેઢી સ્વામિનારાયણ ધર્મ પાળતુ હતું. પોતાના પ્રેમાળ વ્યક્તિત્વથી લાખો લોકોના હૃદયમાં સમ્રાટ બની ગયા છે. તેઓએ પોતાના શરીરની પરવા કર્યા વિના દેશ વિદેશમાં ઘરે ઘરે , ગામડે ગામડે અવિરત વિચરણ કરીને લાખો આબાલવૃદ્ધના જીવન સંભાળ્યા. બોચાસણ અક્ષર પુરસોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાય (બીએપીએસ)૧૯ વર્ષની વયે સ્વામિનારાયણ સંપ્રદાયની દિક્ષા લીધી. અને તેઓ જ્ઞાનજીવનદાસ તરીકે ઓળખાયા. તેમણે લાખો લોકોના વ્યસનો, વહેમ અને અંધશ્રધ્ધાની નાગચૂડમાંથી મુક્ત કર્યા.પવિત્ર અને શાંતિમય જીવનના માર્ગે વાળ્યા. એમના નિસ્વાર્થભાવે યુવાનો અને બાળકોને ધર્મ તરફ વાળ્યા. આજીવન ભેખ ધરીને સંસ્કારધામો અને મંદિરોના નિર્માણ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૭૦માં યોગીજી મહારાજે લંડનમાં પ્રથમ સ્વામીનારાયણ મંદિરની સ્થાપના કરી. આ ઉપરાંત ગુરૂકુળ, છાત્રાલય જેવા શૈક્ષણિક સંકુલોની સ્થાપના કરી. અનેક ધાર્મિક મહોત્સવ અને અઠવાડિક સભાઓ કરીને લાખો આબાલવૃદ્ધને આધ્યાત્મિક ગોષ્ઠિઓનું આયોજન કર્યું. ૧૯૯૦ માં ગોંડલ સ્વામી મંદિરમાં મહંત પદે રહ્યા.તા.૯-૬-૨૦૧૦ના રોજ વૈશાખ વદ ૧૨ના દિવસે ૧૧૮મી યોગી જયંતીએ યોગીજી મહારાજના દિવ્ય વ્યક્તિત્વનું સ્મરણ થઇ આવ્યું.૨૩ જાન્યુઆરી ૧૯૭૧ના રોજ મુંબઈમાં અવસાન થયું.

## બચેન્દ્રિપાલ



ભારતની પ્રથમ મહિલા પર્વતારોહક બચેન્દ્રીપાલનો જન્મ ૨૪ મે ૧૯૫૪ના રોજ ઉત્તરાખંડના ઉત્તરકાશી જીલ્લામાં આવેલા નકુરી ગામમાં ભોટિયા પરિવારમાં થયો હતો. પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ હંસાદેવી હતું. તેમના પિતા એક સરહદી વેપારી હતા. માત્ર ૧૨ વર્ષની વયે શાળા પિકનિક દરમિયાન પર્વતારોહણ કરનારબચેન્દ્રીપાલ ૧૯૮૨માં પ્રથમ મહિલા પર્વતારોહક હતી જેને માઉન્ટ ગંગોત્રી (૭,૧૩૮.૧મીટર) અને માઉન્ટ રૂદ્રગિરિ સર કર્યા હતા, પરિવારના ઉગ્ર વિરોધ છતાં તેમણે પર્વતારોહણની કારકિર્દી સ્વીકારી નહેરૂ ઇન્સ્ટિટયૂટ ઓફ માઉન્ટેનિયરિંગમાં પ્રવેશ લીધો. 'એવરેસ્ટ ૧૯૮૪' માટે પસંદગી પામનાર બચેન્દ્રીપાલ તેના ૧૦ સાથીઓ સાથે જ્યારે માઉન્ટ એવરેસ્ટ આરોહણ માટે નિકલયા ત્યારે વાતાવરણ આદર્શ નહોતું છતાં આરોહણ ચાલુ રાખ્યું અને આખરે ૨૩મે ૧૯૮૪ના રોજ માઉન્ટ એવરેસ્ટ પર પગ મૂકી એક ઇતિહાસ રચ્યો.

બચેન્દ્રીપાલને ભારત સરકાર તરફથી ૧૯૮૪માં ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રી અને ૨૦૧૯માં પદ્મભૂષણ એનાયત કરી સન્માનિત કર્યા હતા. ઇ.સ.

૧૯૮૬માં ભારત સરકાર દ્વારા અર્જુન એવોર્ડ એનાયત કર્યો હતો.


## ૨૫ મે વિશ્વ થાઇરોઈડ દિવસ



થાઈરોઈડના મહત્વ અને થાઈરોઈડના રોગની રોકઠામ અને ઉપચાર વિષે લોકોને માહિતગાર કરવાનો મુખ્ય હેતુ છે.

- થાઈરોઈડફેડરેશન ઇન્ટરનેશનલની સ્થાપના દિવસ 25 મે 2005ના રોજ થઈ હતી આથી આ દિવસ દર વર્ષે થાઈરોઈડદિવસ તરીકે ઉજ્વવામાં આવે છે.
- થાઈરોઈડગ્રંથિ શરીરની ચયાપચય ક્રિયાનું નિયમન કરે છે.
- થાઈરોઈડમનુષ્યના ગળામાં પતંગિયા આકારની હોય છે. જે મનુષ્યના ગળાના નીચેના ભાગે હોય છે. થાઈરોઈડએક પતંગિયા આકારની અંતઃસ્ત્રાવી ગ્રંથિ છે.
- ભારતમાં 32% લોકો થાઈરોઈડના રોગથી પીડિત છે. અંદાજિત ચાર કરોડથી વધુ દર્દીઓ થાઈરોઈડ રોગથી પીડાય છે.

## ડૉ. હરિવલ્લભ ભાયાણી



ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસી એવા ડૉ. હરિવલ્લભ ભાયાણીનો જન્મ તા. ૨૬/૫/૧૯૧૭ના રોજ ભાવનગર જીલ્લાના મહુવા ગામમાં થયો હતો. જ્ઞાતિએ દસા શ્રીમાળી વણિક હતા. અભ્યાસમાં તેઓ ખૂબ જ તેજસ્વી હતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મહુવામાં લીધું હતું. ઈ.સ.૧૯૩૪માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી ઉચ્ચ અભ્યાસ માટે ભાવનગરની શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવી ઈ.સ. ૧૯૩૯માં સંસ્કૃત મુખ્ય વિષય સાથે સ્નાતક થયા. ઈ.સ.૧૯૪૧માં સંસ્કૃત- અર્ધમાગધી વિષય સાથે એમ.એ.ની ઉપાધી મેળવી હતી. અને આ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. તેમેન જિનવિજયજી માર્ગદર્શન હેઠળ મહાનિબંધ લખી પી.એચ.ડી.ની ઉપાધી મેળવી હતી. ઈ.સ.૧૯૫૩-૬૧માં ત્રણ ભાગમાં પ્રકાશન થયું. ઈ.સ. ૧૯૪૫ થી ૬૫ સુધી ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપક તરીકે કામગીરી કરી. ઈ.સ.૧૯૪૫માં એમણે મુની જિનવિજયજી સાથે ' સંદેશરાસક' નામની કૃતિનું સંપાદન કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૯૪૫ થી ૬૫ સુધી ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપકની કામગીરી કરી હતી. ઈ.સ. ૧૯૪૫માં તેમણે મુની જિનવિજયજી ભાષાભવનમાં ભાષાવિજ્ઞાનના અધ્યક્ષ થયા.

તેમને ' ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ', વ્યુત્પત્તિવિચાર, શબ્દપરિશીલનો, શબ્દકથા, અનુંશીલનો અને થોડોક વ્યાકરણ વિચાર જેવા દસેક ગ્રંથોમાં ગુજરાતી ભાષા વ્યાકરણ વિષયક સંશોધનાત્મક વિચારણા થઇ છે. સંશોધન સંપાદન ઉપરાંત એમણે વિવેચનક્ષેત્રે કરલું સંપાદન પણ એટલું જ પ્રાણવાન છે. ઈ.સ. ૧૯૬૩માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૮૧માં ' રચના અને સંરચના' વિવેચનગ્રંથણે સાહિત્ય અકાદમી દિલ્લી પારિતોષિક એનાયત થયેલ છે. ઈ.સ.૧૯૮૫માં ' કાવ્ય પ્રપંચ ' નિબંધને નર્મદ સુવર્ણચંદ્રક તથા ઈ.સ. ૧૯૮૭માં તેમને ગૌરવ

gnanbhandar.com

પુરસ્કાર એનાયત થયો છે. ગુજરાત સરકારે પણ એમના પાંચ પુસ્તકોને પુરસ્કાર આપીને તેમની વિદ્યાનુરાગી પ્રતિભાનું ગૌરવ કર્યું હતું. ગુજરાતી ભાષાના બહુશ્રુત વિરલ વિદ્વાન ડૉ. હરિવલ્લભ ભાયાનીનું અવસાન ૧૧ નવેમ્બર ૨૦૦૦ને શનિવારના રોજ મુંબઈ ખાતે અવસાન થયું હતું.

## વિનાયક સાવરકર



ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનના અગ્રિમ સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી શ્રી વિનાયક દામોદર સાવરકરજીનો જન્મ ૨૮ મે ૧૮૮૩ના મહારાષ્ટ્ર રાજ્યના ભગુર નાસિક જિલ્લાના ગામના બ્રાહ્મણ જ્ઞાતિમાં  થયો હતો. પિતા દામોદર પંત સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. માતાનું નામ રાધાબાઈ હતું તેઓ ખૂબ જ ધાર્મિક, હતા. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી તેઓ ઉચ્ચ અભ્યાસ અર્થે નાસિક ગયા. ૧૮૯૯માં પ્લેગની મહામારીમાં પિતા દામોદર પંતનું અવસાન થયું. તેઓ સ્વતંત્રતા સેનાની હોવાની સાથે સાથે તેઓ મહાન ક્રાંતિકારી, વિચારક, લેખક, કવિ અને પ્રખર વક્તા હતા. હિન્દુ રાષ્ટ્રની રાજનીતિકને વિકસિત કરવાનો સંપૂર્ણ શ્રેય સાવરકરને ફાળે જાય છે. તેમણે ૧૮૫૭નો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઇતિહાસ ' ધ ઇન્ડિયન વૉર ઓફ ઇન્ડિપેન્ડસ ' નામના પુસ્તકમાં લખ્યો જેનાથી બ્રિટિશ શાસકોમાં ખળભળાટ વ્યાપી ગયો હતો. તેમણે ' અભિનવ ભારત' નામની સંસ્થાની રચના કરી હતી. ઈંગ્લેન્ડના વિકટોરિયા સ્ટેશનથી તેમની ધરપકડ થઈ પહેલી જુલાઇ ૧૯૧૦ના રોજ વિનાયકરાવ પી.એન્ડ.ઓ નામની સ્ટીમર કંપની દ્વારા ભારત જવા રવાના કર્યા. વિનાયકને લઈને ભારતા આવવા નિલ્કલેલ સ્ટીમર ૧૦ જુલાઇ ૧૯૧૦ના રોજ ફ્રાન્સના માર્સેલ્સ બંદરે પહોંચ્યું ત્યારે સવારકરે કુદરતી હાજતે જવા માંગણી કરી આથી તેમણે સ્ટીમરના પાયખાનામાં જવાની સંમતિ અપાઈ પરિણામે વિનાયક પાયખાનામાં પ્રવેશી બારીના કાચ તોડી દરિયામાં ઝપલાવ્યું.  ફ્રેંચ પોલીસે સાવરકરને પકડ્યો અને સ્ટીમરના સૈનિકોને સોંપ્યો. આ કેસમાં તેમણે આજીવન કેદ અને કાળા પાણીની સજા થઈ કોઈ પુરાવા ન મળતાં ૧૯૪૯માં આરોપમુકત કરવામાં આવ્યા તેમનું અવસાન ૨૬ ફેબ્રુઆરીએ ૧૯૬૬ના રોજ થયું હતું.

## જ્હોન એફ. કેનેડી




અમેરિકાના સૌથી યુવાન તથા લોકપ્રિય પ્રમુખ જ્હોન એફ. કેનેડીનો જન્મ તા. ૨૯/૫/૧૯૧૭ના રોજ બોસ્ટનમાં એક આયરીશ પરિવારમાં થયો હતો. તેમના પિતા એક સુખી આયરીશ કુળના વ્યાપારી હતા.  પણ દુષ્કાળને લીધે તેઓ અમેરિકા આવીને વસેલા. પિતાનું નામ જોસેફ હતું, તેઓ તેમના પિતાનું નવમું સંતાન હતા. જ્હોન બોસ્ટનમાં અને પછી લંડન સ્કૂલ ઓવ ઇકોનોમિક્સમાં અભ્યાસ કરી ગ્રેજ્યુએટની પડવી મેળવી. જ્હોન કેનેડી બચપણથી વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા. ફૂટબોલ રમતા તેમની પીઠ પર ઈજા થયેલી અને તેથી ખોળ રહી ગઈ હતી. આને કારણે તેમને ઈ.સ. ૧૯૪૧માં લશ્કરમાં દાખલ ન કર્યા. ત્યારબાદ તેમણે નૌકાદળમાં જગ્યા મેળવી. બીજા વિશ્વ જાપાની યુદ્ધ જહાજના હુમલામાં સપડાયેલા તેમના સાથીદારોને જીવ સટોસટની બાજી લગાવી

પરાક્રમ અને સાહસથી બચાવ્યા હતા.તેમની આવી બહાદૂરીનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. અમેરિકન રાજકારણમાં ઈ.સ.૧૯૪૬માં તેઓ સક્રિય થઇ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર તરીકે તેઓ સર્વપ્રથમ વિજેતા બન્યા હતા. ઈ.સ. ૧૯૫૨માં અમેરિકન સેનેટમાં ચૂંટાઈ આવ્યા અને ઈ.સ. ૧૯૬૦માં અમેરિકન પ્રમુખના સર્વોચ્ચ શિખર સુધી પહોચ્યા હતા.

જ્હોન કેનેડી એક કુશળ વક્તા હોવાની સાથે એક સારા લેખક પણ હતા. તેમનુ ખૂબ જ લોકપ્રિય બનેલું પુસ્તક ' પ્રોફાઈલ ઇન કરેજ' ને માટે સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે મહત્વપૂર્ણ ગણાતો પુલિત્ઝર પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કેનેડી ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂના તેઓ પરમ મિત્ર હતા. ભારતની ઉગતીલોકશાહીના તેઓ હમદર્દ હતા. અમેરિકાના એક ન્યાયપ્રિય અને અશ્વેતો માટે સમાન હક્કોના તેઓ હિમાયતી હતા. આંતરિક વિવાદોના સમાધાન માટે ડગ્લાસ શહેરની મુલાકાતે ગયા હતા ત્યારે એમનો જાન જોખમમાં હતો પણ તે ધમકીની પરવા ન કરતાં તેવો ગયા હતા. ખુલ્લી મોટરકારમાં લોકોનું અભિવાદન ઝીલતાં અચાનક બંદૂકની ગોળીઓ વાગતાં ૨૨ નવેમ્બર ૧૯૬૩ને શુક્રવારના રોજ તેમનું અવસાન થયું. તેમના અકાળે અવસાનથી સમ્રગ વિશ્વ શાંતિનો દૂત એક માનવતાવાદી નેતાને ગુમાવ્યો હતો.

## સુરેશ જોશી



આધુનિક ગુજરાતી સાહિત્યના ઉત્તમ કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, વિવેચક, સંપાદક, અનુવાદક સુરેશ જોશીનો જન્મ તા. ૩૦/૫/૧૯૨૧ના રોજ બારડોલી તાલુકાના વાલોડ ગામમાં થયો હતો.પિતાનું નામ હરિપ્રસાદ હતું. સોનગઢમાં આ સમર્થ વિદ્યાપ્રિય સર્જક પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. ઈ.સ.૧૯૪૩માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ અને ઈ.સ.૧૯૪૫માં એમ.એ.ની પરીક્ષા પાસ કરી. પ્રારંભમાંકરાંચીની ડી. જે. સિંધ કૉલેજમાં અધ્યાપન તરીકે જોડાયા ત્યારપછી ઈ.સ. ૧૯૪૭માં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીગુજરાતમાં વલ્લભવિદ્યાનગરવિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ.૧૯૫૧ થીવડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં વ્યાખ્યાતા અને એ જ વિભાગનાપ્રોફેસર તથા અધ્યક્ષ તરીકે સેવા આપી. તેમને ઈ.સ.૧૯૬૧માં ' નરહરિની જ્ઞાનગીતાની સમક્ષિત વાચના', ' મધ્યકાલીન કવિતાની જ્ઞાનમાર્ગી ધારાની આલોચના ' સહિત વિષય પર ગુજરાતીમાં મહાનિબંધ લખી ડોકટરેટની ઉપાધી મેળવી હતી. વડોદરા યુનિવર્સિટી ગુજરાતી વિષયના વિદ્વાન પાધ્યાપક તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી. બહુવિધ પ્રતિભા ધરાવતા સર્જકે અનેક અધ્યયન, અધ્યાપન

gnanbhandar.com

કાર્ય કરતાં કરતાં કવિતા, નવલિકા, નાટક અને વિવેચન ક્ષેત્રે પોતાનું આગવું પ્રદાન છે.

તેમણે 'પ્રત્યંચા', 'બીજી થોડીક', 'છીન્નપત્ર', ઇતરા', ' ઉપજાતી', ' નવોન્મેષ' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. ' ગુજરાતી કવિતાનો આસ્વાદ' એ તેમની બહુમૂલ્ય રચનાઓ છે. સત્યદર્શન કરાવતી ગુજરાતી સાહિત્યમાં આગવી પ્રતિભા ઉભી કરતી તેમની કવિતા નવી કેડી પાડે છે. લયબદ્ધ મનોહર ગદ્યની વિવિધ છટાઓવાળા લલિત નિબંધોના ત્રણેક સંગ્રહો તેમણે આપ્યા છે. વૈવિધ્યપૂર્ણ વિપુલ સાહિત્ય સર્જને તેમના અભ્યાસ –સર્જન-ચિંતન અને સંશોધનનું સાક્ષી છે. ઈ.સ. ૧૯૬૫-૬૯ ' જ્યાન્તિકે' લલિત નિબંધને નર્મદ સુવર્ણચંદ્રક, ઈ.સ.૧૯૭૧માંરણજિતરામ સુવર્ણચંદ્રક, ઈ.સ.૧૯૮૩માં ' ચિન્તયામી મનસા' કૃતિને સાહિત્ય અકાદમી એનાયત થયેલ છે. દિલ્હીના પુરસ્કારની એમનાદ્વારા અસ્વીકૃતિ. 'ફાલ્ગુની', 'વાણી', 'મનીષા', 'ક્ષિતિજ', 'ઊહાપોહ', 'એતદ્' વગેરેસામયિકોના તંત્રી તરીકે પણ સેવાઓ આપી છે. કીડનીની બીમારી અને હ્રદયરોગથી ૬ સપ્ટેમ્બર ૧૯૮૬ના રોજ નડિયાદની હૉસ્પિટલમાં અવસાન થયું.

## ૩૧ મે વિશ્વ તંબાકૂ નિષેધ દિવસ




માનવીના જીવનમાં તેને કોઈપણ પ્રકારના શોખ હોય છે. આ શોખ જીવનને બાધક પણ બનનાર હોય છે. માનવી જીવનમાં તમાકુ, દારૂ, જુગાર તથા માદક દ્રવ્યોનો દિનપ્રતિદિન વધુને વધુ બંધાણી થતો જાય છે. આ બધા જીવનને નષ્ટ કરનાર હોવા છતાં તે તેમાંથી મુક્ત થઇ શકતો નથી. તમાકુમાં ' નિકોટીન' નામનું ઝેરી તત્વ રહેલું છે. અત્યારે ગુટકા, સિગારેટ,બીડી, તમાકુ ખાવાની સંખ્યામાં દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે ખૂબ જ ચિંતાનો વિષય છે. આ વ્યસનના બંધાણી મોટા વ્યક્તિઓ જ નહિ પણ નાના બાળકો અને સ્ત્રીઓની સંખ્યા ખૂબ જ વધારે છે. આજે આ ટેવ ફેશન બની ગઈ છે. તમાકુના ઝેરી તત્વના આદસો પ્રત્યેની જાગૃતતા લાવવા માટે સમગ્ર વિશ્વમાં ૩૧ મે ' વિશ્વ તમાકુ વિરોધી દિન' તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે સેવાભાવી સંસ્થાઓ તથા આરોગ્ય વિભાગ જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ૩૦ થી ૪૦ વર્ષની વયના લોકોના મૃત્યુ અને શારીરિક ખોડખાંપણ માટે તમાકુનો વપરાશ સૌથી મુખ્ય કારણ છે.વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના જણાવ્યા મુજબ વિશ્વના ત્રીજા ભાગના પુખ્ત વ્યક્તિઓ બીડી કે સિગારેટના શોખન છે. આમાં ૪૭% પુરૂષો અને ૧૨% સ્ત્રીઓના સમાવેશ થાય છે. ભારતમાં દર વર્ષે ૭.૩.લાખ લોકો બીડી કે સિગારેટ પીવાના કારણે મૃત્યુ પામતા હોવાનું મનાય છે. વિશ્વબેંક દ્વારા ઈ.સ.૧૯૯૪માં હાથ ધરાયેલ સંશોધન પરથી જાણવા મળ્યું કે તમાકુના સેવનથી વિશ્વમાં દર વર્ષે ૨૦,૦૦૦ કરોડનું નુકસાન ભોગવવું પડે છે. જેમાંથી ૫૦% વિકાસશીલ દેશો ભોગવે છે. દર વર્ષે મોઢાના કેન્સરથી ૧,૮૦,૦૦૦ લોકો મોતના મુખમાં ધકેલાઈ જાય છે. જેમાં ૬૦% લોકો ગુટખા અને ૨૯% લોકો તમાકુ ચાવનારા હોય છે. કેટલાક લોકો માને છે કે આવનાર વર્ષોમાં કદાચ પ્રતિ વર્ષ ૧૦ લાખ લોકો મોતને શરણ આ વ્યસનથી થશે.

ફેફસાના 30% રોગીઓ ધૂમ્રપાનની લીધે અવસાન થાય છે.

સમગ્ર વિશ્વમાં દર બે મિનિટે એલ વ્યક્તિ તમાકુની ટેવને લીધે મોતના મુખમાં ધકેલાય છે. હૃદયરોગ અને બ્લડપ્રેશરના દર્દીઓમાં ૫૦% તમાકુના વ્યસની હોય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ દર વર્ષે વિશ્વમાં ૩૫ લાખ ધૂમ્રપાનથી મૃત્યુ પામે છે. જો આ જ સ્થિતિ ન બદલાય તો ૨૦૨૦ થી ૩૦ ના દાયકામાં દર વર્ષે ૧ કરોડ લોકો મૃત્યુ પામશે.ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટયુટ અમદાવાદ દ્વારા તમાકુના ટેવોને કારણોઅને પ્રકાર અંગે સંશોધન કાર્ય હાથ ધરાયું હતું જેમાં ૪૮% લોકોને તમાકુની આદત જોવા મળી છે. આ વ્યસનનો ભોગ વધુ પ્રમાણમાં યુવાધન જોવા મળે છે. સરકાર અને સેવાભાવી સંસ્થાઓ જાગૃતિ લાવવા માટે પ્રયત્નો કરવા છતાં તેમાં જોઈએ તેટલી સફળતા મળી નથી તે કમનસીબી છે.તમાકુની હાનિકારક અસરો અંગે જાગૃતિ ફેલાવવાનો અને તમાકુ ઉત્પાદનોનો ઉપયોગ કરવાથી લોકોને હતોત્સાહિત કરવાનો મુખ્ય ઉદ્દેશ છે.

- માનવજાત માટે ઝેર સમાન તમાકુના ઉપયોગને બંધ કરવાના અભિયાન સ્વરૂપે 1987થી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા 31 મે વિશ્વ તમાકૂ વિરોધી દિવસ તરીકે ઉજવાય છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO)અનુસાર વિશ્વમાં દર વર્ષે તમાકુના સેવનથી 30 લાખ લોકો મૃત્યુ પામે છે.
- તમાકુના દુષ્પરિણામો અને પ્રભાવોથી લોકોમાં જાગરૂકતા લાવવા માટે અને વ્યક્તિઓને તેમની ખરાબ આદતોની ગંભીરતા અંગે પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે.

## નરસિંહ મહેતા



ગુજરાતના કૃષ્ણભક્ત કવિ નરસિંહ મહેતાનો જન્મ વૈશાખ સુદ પૂર્ણિમાના દિવસે સૌરાષ્ટ્રના જૂનાગઢ પાસે આવેલા તળાજા ગામમાં વડનગરા બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. સર્વાધિક મત પ્રમાણે એમનો જીવનકાળ ઈ.સ. ૧૪૧૦ થી ૧૪૮૦ સુધીનો માનવામાં આવે છે. પિતાનું નામ કૃષ્ણ દામોદર અને માતાનું નામ દયાકુંવરી હતું. બાળપણમાં જ નરસિંહ મહેતા માતા પિતાની છત્રછાયા ગુમાવી હતી. તેથી તેઓ પોતાના ભાઈ વશીધરને ત્યાં આશ્રય લેવો પડ્યો. નરસિંહ બચપણથી જ ભણતર અને સાંસારિક કાર્યો છોડીને સાધુ સંતોના સંગમાં ભજન કીર્તનમાં લીન રહેતા હતા.આથી એક વાર ભાભીએ તેમને કડવા વેણ સંભળાવ્યા. જેનું તેમને માઠું લાગતા નરસિંહ ઘર છોડી જંગલમાં ભાગી ગયા. જંગલમાં જઈને તેમણે અપૂજ શિવલીંગની પૂજા કરીને શિવજીને પ્રસન્ન કર્યા. શિવજીએ તેમને રાસલીલાના દર્શન કરાવ્યાં. શ્રીકૃષ્ણની કૃપા મેળવી તેઓ ઘેર પાછાફર્યા, પણ તેઓ તો કામધંધો છોડીને પોતાનો સમય ભજન કીર્તનમાં અને ગોપીભાવથી નૃત્ય કરવામાં વ્યતીત કરવા લાગ્યા. એમના લગ્ન માણેકબાઈ સાથે થયા હતા. તેમણે બે સંતાનમાં પુત્ર શામળ અને પુત્રી કુંવરબાઈ હતા.

નરસિંહ મહેતાના જીવનના અનેક ચમત્કારિક પ્રસંગો બન્યા. આવા કેટલાક પ્રસંગોનું વર્ણન નરસિંહ મહેતાએ સ્વયં પોતાના ભક્તિકાવ્યોમાં કર્યું છે.

gnanbhandar.com